સુવિચાર

''પંગત ચૂકી જવાથી એક ટંકનું ભોજન ચૂકી જવાય છે. પણ, સંગત ચૂકી જવાથી મૂલ્યવાન જિંદગી ચૂકી જવાય છે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૧૧/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ આસો વદ-૭ વર્ષ : ૧૭ અંક : ૨૭૧

જિલ્લા પોલીસ વિભાગ દ્વારા એકતાનાં સંદેશ સાથે

અમરેલીમાં દેશભકિતનાં માહોલમાં ''રન ફોર યુનિટી'' માર્ચ યોજાઈ

રાજ્ય ઉર્જામંત્રી કૌશિક વેકરિયાએ ''રન ફોર યુનિટી'' માર્ચને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું

''એકતા'' દોડમાં પદાધિકારીઓ, અધિકારીઓ, પોલીસ જવાનો અને નાગરિકો જોડાયા

સમગ્ર અમરેલી શહેર રાષ્ટ્રીય એકતાનાં રંગે રંગાયુ : અનેરો ઉત્સાહ જોવા મળ્યો

પાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, ભાજપા પ્રમુખ કાનાણી, અમર ડેરી ચેરમેન અશ્વિન સાવલિયા જોડાયા

અમરેલી, તા. ૩૧

અખંડ ભારતના શિલ્પી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી તેમજ 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ગરિમાપૂર્ણ ઉજવણીના ભાગરૂપે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના સંદેશ સાથે 'રન ફોર યુનિટી' માર્ચનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

અમરેલી સ્થિત ફોરવર્ડ સર્કલ (સેન્ટર પોઈન્ટ) ખાતેથી કાયદો અને ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ આ 'એકતા' દોડને લીલી ઝંડી આપીને ઉત્સાહભેર પ્રસ્થાન કરાવ્યું હતું. આ માર્ચ ફોરવર્ડ સર્કલથી પ્રારંભ થઈ નાગનાથ મહાદેવ મંદિર, રાજકમલ ચોક, ટાવર રોડ થઈને પુનઃ ફોરવર્ડ સર્કલ ખાતે દેશભકિતના નારાઓ સાથે સંપન્ન થઈહતી.

આધુનિક ભારતના ઈતિહાસમાં લોખંડી પુરૂષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનું યોગદાન અદ્વિતીય અને સદાકાળ અવિસ્મરણીય રહેશે. આઝાદીના સમયે જટિલ પરિસ્થિતિઓ વચ્ચે દેશના ૫૬૨ જેટલા દેશી રજવાડાઓનું ભારતીય સંઘમાં વિલીનીકરણ કરાવીને તેમણે અખંડ ભારતના ભવ્ય રાષ્ટ્રનું નિર્માણ કર્યુ હતું. તેમની અજોડ કુનેહ, પ્રખર રાષ્ટ્રભકિત અને વહીવટી દીર્ઘદ્રષ્ટિને કારણે જ આજે ભારત એક સૂત્રે બંધાયેલું અને મજબૂત રાષ્ટ્ર બની શકયું છે. તેમનું જીવન અને કાર્યો સમગ્ર દેશને હંમેશા રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા જાળવી રાખવાની સતત પ્રેરણા આપતા રહે છે.

દેશપ્રેમના આ અનેરા મહોત્સવ સમાન 'રન ફોર યુનિટી' માર્ચમાં રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યકત કરતા ઉપસ્થિત તમામ મહાનુભાવો, અધિકારીઓ અને નાગરિકોએ સામુહિક રીતે રાષ્ટ્રપ્રેમ અને એકતાના શપથ લીધા હતા. આ 'એકતા' દોડમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ઈફકો

અનુસંધાન પાના ૬ ઉપર

લાંબા સમયથી હાર્ટની બીમારી હતી

ધારી : દલખાણીયા ગામે ૩૮ વર્ષિય યુવકે બીમારીથી કંટાળી ઝેર પી લીધુ

સારવાર દરમિયાન યુવકનું નિધન થયું

અમરેલી, તા. ૩૧

ધારી તાલુકાના દલખાણીયા ગામે રહેતા જગદીશ ખીમજીભાઈ મહીડા નામના ૩૮ વર્ષિય યુવકને લાંબા સમયથી હૃદયની બીમારી હોય. જેથી આ બીમારીથી કંટાળી જઈ ગત તા. ૨૫ નાં આશરે રાત્રિના ૧૦:૪૫ વાગ્યે દલખાણીયા ગામે મનુભાઈ પીઠાભાઈ મહીડાની વાડીની બાજુમાં પોતે પોતાની મેળે કોઈ ઝેરી દવા પી જતાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં ધારી પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

કોરા ટ્રેડ સ્ટોક માર્કેટ પ્લેટફોમનાં ૨ કર્મચારીઓ દ્વારા

ધારીમાં ફાયનાન્સ મેનેજર તરીકે કામ કરતાં મહિલા સાથે રૂપિયા ૩૬.૮૯ લાખની છેતરપીંડી

સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૩૧

ધારીમાં આવેલ એક કંપનીમાં ફાયનાન્સ મેનેજર તરીકે ફરજ બજાવતા એક ૪૫ વર્ષિય મહિલાને ચારેક મહિના દરમિયાન બે અજાણ્યા ઈસમો દ્વારા અવાર નવાર વ્હોટએપ કોલ કરી અને કોરા ટ્રેડ ફાયનાન્સ પ્લેટફોર્મમાં સ્ટોકમાં રોકાણ કરવાનો ભરોસો અને વિશ્વાસ આપી અને મહિલાનાં બચતનાં કુલ રૂપિયા ૩૬,૮૯,૮૬૦ અલગ અલગ બેન્ક એકાઉન્ટમાં અલગ અલગ તારીખે ટ્રાન્સફર તથા આર.ટી.જી.એસ. કરાવી લઈ અને તે પૈસા તથા તેના પર મળેલા નફાનાં રૂપિયા આરોપીઓએ મહિલાને પરત નહી આપી તમામ પૈસા ઓળવી જઈ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફાયનાન્સ મેનેજર સાથે ઓનલાઈન વિશ્વાસઘાત, છેતરપીંડી કર્યાની મહિલાએ પોલીસે ફરિયાદ નોંધાવી છે.

કોરા ટ્રેડ સ્ટોક માર્કેટ પ્લેટ ફોર્મમાં ફાયનાન્સ પ્લેટફોર્મ ડીપાર્ટમેન્ટનાં એક કર્મચારી તથા કોરા ટ્રેડ કાર્તીક મહેતા નામના બે આરોપીઓએ મુળ ઝારખંડનાં વતની અને હાલ ધારી ગામે આવેલ જે.કે. પેટ્રોલ પંપની પાછળ આવેલ અજંતા સોસાયટીમાં ધ્રુવી પ્રોવીઝન સ્ટોરની બાજુમાં રહેતા J.R.V.D. Defspace Technology Private લિમિટેડમાં ફાયનાન્સ મેનેજર તરીકે ફરજ બજાવતા અરૂન્ધતી રાજીવકુમાર મુખરજી નામના ૪૫ વર્ષિય મહિલાને ગત તા.

અનુસંધાન પાના ૬ ઉપર

વાહન અકસ્માત થવાની સંભાવના

વડિયાનાં નાજાપુરમાં પુલનાં કામ દરમિયાન ડાયવર્ઝન બોર્ડનો અભાવ

માર્ગ–મકાન વિભાગે બોર્ડ લગાવવું જરૂરી

વડિયા, તા. ૩૧

વડિયા તાલુકાના નાજાપુર ગામ ખાતે પુલનું કામ ચાલી રહ્યું છે, ત્યારે સ્થળ પર વાહનચાલકોને માર્ગદર્શન મળે અને સંભવિત અકસ્માતો અટકાવી શકાય તે માટે જરૂરી ડાઈવર્ઝન બોર્ડ મૂકવામાં આવ્યું ન હોવાનો ગંભીર મુદ્દો સામે આવ્યો છે.

રાત્રીના સમયે બાઈક અથવા અન્ય વાહન ચાલકોને બોડે વગર ડાઈવર્ઝન દેખાતું નથી ત્યારે અકસ્માત સર્જાય તો જવાબદાર કોણ.

મળતી માહિતી મુજબ, પુલનું કામ શરૂ થયું ત્યારે ડાઈવર્ઝન અંગેનું નાનું બોર્ડ મૂકવામાં આવ્યું હતું, પરંતુ હલકી ગુણવત્તાનાવાળુ બોર્ડ બે દિવસમાં જ તે નીકળી ગયું હતું. ત્યારબાદ આજદિન સુધી યોગ્ય ડાઈવર્ઝન બોર્ડ મૂકવામાં આવ્યું નથી. આ બાબતે નાજાપુરના જાગૃત નાગરિક કૌશિક પાનસૂરિયા દ્વારા સંબંધિત અધિકારીઓને જાણ કરવામાં આવી હોવા છતાં કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી ન હોવાનું જણાવાયું છે.

શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના થવાની રાહ જોઈ રહ્યું છે ? જો ડાઈવર્ઝન બોર્ડના અભાવે કોઈ અકસ્માત સર્જાય અને જાનહાનિ થાય તો તેની જવાબદારી કોની રહેશે ? તેવા સવાલો સ્થાનિક સ્તરે ઊભા થયા છે.

વિકાસનાં કામોની સાથે નાગરિકોની સુરક્ષાને પણ પ્રાથમિકતા આપવી જરૂરી છે. આથી સંબંધિત અધિકારીઓ તાત્કાલિક સ્થળની મુલાકાત લઈ યોગ્ય ડાઈવર્ઝન બોર્ડ, ચેતવણીનાં બોર્ડ અને જરૂરી સુરક્ષા વ્યવસ્થા ગોઠવે તેવી કૌશિક પાનસૂરિયાએ માંગણી કરી છે, જેથી કોઈ અનિચ્છનીય બનાવ બને તે પહેલાં સાવચેતીનાં પગલાં લેવામાં આવે.

ઉનાના નવાબંદર જેટી પર ગીર સોમનાથ પોલીસનું મેગા કોમ્બિંગ ઓપરેશન

૫૫ બોટની તપાસમાં ૪ બોટમાં ગેરકાયદેસર લાઈટ ફિશિંગનો પર્દાફાશ

૧૧૦ એલઈડી લાઈટો લગાવેલી ચાર બોટના માલિકો-સંચાલકો વિરૂધ્ધ ચાર ગુના નોંધાયા

તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૩૧

દરિયાઈ વિસ્તારમાં ગેરકાયદેસર લાઈટ ફિશિંગ અને અનધિકૃત માછીમારીની પ્રવૃત્તિઓ અટકાવવા ગીર સોમનાથ જિલ્લા પોલીસ દ્વારા વિશેષ કોમ્બિંગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. નવાબંદર જેટી ખાતે કરવામાં આવેલી આ કામગીરી દરમિયાન પોલીસ દ્વારા કુલ ૫૫ બોટની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ચાર બોટમાં ગેરકાયદેસર રીતે લાઈટ ફિશિંગ કરવા માટે લગાવવામાં આવેલી કુલ ૧૧૦ એલઈડી લાઈટો મળી આવતાં ચારેય બોટના માલિકો–સંચાલકો વિરૂદ્ધ નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમાં ચાર અલગ–અલગ ગુનાઓ નોંધવામાં આવ્યા છે. આ ઉપરાંત ૨૫ માછીમારોના આધાર–પુરાવાની પણ ચકાસણી કરવામાં આવી હતી.

૫૫ બોટની તપાસમાં ૧૧૦ એલઈડી લાઈટો મળી

કોમ્બિંગ દરમિયાન નવાબંદર જેટી પર રહેલી કુલ ૫૫ બોટની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. તપાસમાં ચાર બોટમાં ગેરકાયદેસર રીતે લાઈટ ફિશિંગ કરવા માટે કુલ ૧૧૦ એલઈડી લાઈટો લગાવવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. આથી પોલીસ દ્વારા ચારેય બોટના માલિકો–સંચાલકો વિરૂદ્ધ નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમાં ચાર અલગ–અલગ ગુનાઓ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બીજી તરફ, જેટી વિસ્તારમાં રહેલા ૨૫ માછીમારોના આધારકાર્ડ સહિતના ઓળખ અને રહેઠાણ સંબંધિત આધાર–પુરાવાની તપાસ કરી ખરાઈ કરવામાં આવી હતી. આ કામગીરીનો હેતુ અનધિકૃત રીતે રહેતા શખ્સોની ઓળખ કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાનો પણ હતો.

આખરે શું છે લાઈટ ફિશિંગ ?

લાઈટ ફિશિંગ એટલે માછીમારી માટે કૃત્રિમ પ્રકાશનો ઉપયોગ કરવાની પદ્ધતિ. આ પદ્ધતિમાં બોટ પર શકિતશાળી એલઈડી લાઈટો લગાવી રાત્રિના સમયે દરિયાના પાણીમાં પ્રકાશ ફેલાવવામાં આવે છે. પ્રકાશ તરફ આકર્ષાતી કેટલીક માછલીઓ એક જગ્યાએ એકઠી થાય છે અને ત્યારબાદ જાળની મદદથી તેને પકડવામાં આવે છે.

જોકે, કૃત્રિમ પ્રકાશના અતિશય ઉપયોગથી કેટલીક દરિયાઈ પ્રજાતિઓના કુદરતી વર્તન પર અસર થઈ શકે છે. નાની વયની માછલીઓ પણ જાળમાં ફસાઈ શકે છે, જેના કારણે ભવિષ્યની મત્સ્ય સંપત્તિ પર દબાણ ઊભું થવાની ચિંતા રહે છે. આ ઉપરાંત પરંપરાગત માછીમારોના વ્યવસાય અને આજીવિકાને પણ અસર થવાની ભીતિ વ્યકત કરવામાં આવે છે.

ગુજરાતમાં લાઈટ ફિશિંગ સામે પ્રતિબંધાત્મક જોગવાઈઓ અમલમાં છે. દરિયાઈ મત્સ્ય સંપત્તિનું સંરક્ષણ અને અનધિકૃત માછીમારી અટકાવવાના હેતુથી આવી પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરવામાં આવે છે.

આ અધિકારીઓ અને કર્મચારીઓએ સંભાળી કામગીરીની જવાબદારી

નવાબંદર જેટી ખાતે હાથ ધરવામાં આવેલા આ વિશેષ કોમ્બિંગ ઓપરેશનમાં નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર જે.જે. પરમાર, એસ.ઓ.જી. ગીર સોમનાથના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર આર.આર. રાયજાદા, એસ.ઓ.જી.ના પોલીસ સબ ઈન્સ્પેકટર એસ.વી. સોલંકી તથા નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર એમ.એ. રાઠોડ જોડાયા હતા. આ ઉપરાંત નવાબંદર મરીન પોલીસ સ્ટેશન, એલ.સી.બી. અને એસ.ઓ.જી. ગીર સોમનાથનો પોલીસ સ્ટાફ પણ આ સંયુકત કામગીરીમાં જોડાયો હતો.

સરદાર પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે

દેવભૂમિ દેવળીયા ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી

વડાપ્રધાનનાં લાઈવ કાર્યક્રમના નિદર્શન દ્વારા રાષ્ટ્રીય એકતાનો સંદેશ અપાયો

અમરેલી, તા. ૩૧

દેવભૂમિ દેવળીયા, તા. ૩૧ ઓકટોબર, ૨૦૨૬ : ભારતના લોખંડી પુરૂષ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે દેવભૂમિ દેવળીયા ગામ ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગામમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ ઉપસ્થિત સૌએ રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને દેશની આંતરિક સુરક્ષા જાળવવા માટે એકતાના શપથ લીધા હતા.

કાર્યક્રમ અંતર્ગત ગામમાં યોજાયેલી રેલી દ્વારા ગ્રામજનો અને વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકતા, સામાજિક સમરસતા તથા દેશપ્રેમની ભાવનાને પ્રબળ બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. સરદાર વલ્લભભાઈ પટેલે દેશનાં વિવિધ રજવાડાંઓને એકત્રિત કરીને અખંડ ભારતના નિર્માણમાં આપેલા ઐતિહાસિક યોગદાનને યાદ કરી તેમના જીવન અને કાર્યમાંથી પ્રેરણા મેળવવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ગામના લોકો દ્વારા કેવડિયા કોલોની ખાતે આયોજિત રાષ્ટ્રીય એકતા દિવસના કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના માધ્યમથી સરદાર પટેલના રાષ્ટ્રીય એકતાના વિચારો, દેશની અખંડિતતા અને રાષ્ટ્ર નિર્માણના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો સંદેશ પ્રાપ્ત થયો હતો.

આ પ્રસંગે તાલુકા પંચાયતનાં સદસ્ય ભાવનાબેન સુખડિયા, ગામનાં સરપંચ ધર્મિષ્ઠાબેન સોલડિયા, તલાટી–કમ–મંત્રી, ગામના પ્રતિનિધિઓ, વડીલ આગેવાનો, સરકારી પ્રાથમિક શાળાનો સમગ્ર શાળા પરિવાર તથા વિદ્યાર્થીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમમાં ગ્રામજનો, આગેવાનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓની સહભાગિતાથી રાષ્ટ્રીય એકતા, ભાઈચારો, સામાજિક સમરસતા અને દેશપ્રેમની ભાવનાને ઉજાગર કરવામાં આવી હતી. સરદાર વલ્લભભાઈ પટેલના આદર્શોને જીવનમાં ઉતારીને એકતા અને અખંડિતતાથી સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપવાનો સંદેશ આ ઉજવણી દ્વારા આપવામાં આવ્યો હતો.

એક ભારત, શ્રેષ્ઠ ભારત ના સંકલ્પ સાથે દેવભૂમિ દેવળીયા ગામે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના મૂલ્યોને આત્મસાત કરવાનો પ્રેરણાદાયી પ્રયાસ કર્યો હતો.

લીલીયા મોટા : સરદાર પટેલની જન્મજયંતીની ગૌરવભેર ઉજવણી કરાઈ

લીલીયા, તા. ૩૧

લીલીયા મોટા ખાતે ભારતનાં લોખંડી પુરૂષ અને દેશનાં પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતીની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી હતી. લીલીયા મોટા શહેરનાં લાઠી રોડ ખાતે આવેલી સરદાર સાહેબની પ્રતિમા સમક્ષ યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત આગેવાનો દ્વારા પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનોએ સરદાર વલ્લભભાઈ પટેલનાં રાષ્ટ્રપ્રેમ, અડગ નિષ્ઠા, દ્રઢ સંકલ્પશક્તિ અને દેશની એકતા તથા અખંડિતતા માટેનાં અમૂલ્ય યોગદાનને યાદ કર્યા હતા. દેશનાં વિવિધ રજવાડાંઓને એકત્રિત કરી અખંડ ભારતનાં નિર્માણમાં સરદાર સાહેબે ભજવેલી ઐતિહાસિક ભૂમિકાને સૌએ યાદ કરી હતી. આ કાર્યક્રમમાં ડો. કુંભાણી, ડો. વી.વી. ધામત, લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ આનંદભાઈ ધાનાણી, અજય વિરાણી, ઘનશ્યામભાઈ મેઘાણી, ભીખાભાઈ ધોરાજીયા, ભાનુભાઈ ડાભી, કમલેશબાપુ અગ્રાવત, સુરેશ મારૂ, નીતિનભાઈ ત્રિવેદી, સરપંચ વિજયભાઈ શેખલીયા, માજી સરપંચ ખોડાભાઈ માળવિયા, જીગ્નેશ ઠુમ્મર,

ભુપતભાઈ ધામત, દીપક જોગાણી, નિલેશ વોરા, હરિભાઈ ધોરાજીયા, મગનભાઈ વિરાણી, અરૂણભાઈ પટેલ, ધીરૂભાઈ ઉમરેઠિયા, માવજીભાઈ લહેરી, મનસુખભાઈ ચોપડા, કિશોરભાઈ પાઠક, રમેશભાઈ ભાલાળા, અશોકભાઈ ભાલાળા, ભરતભાઈ હપાણી, કેપ્ટન ધામત, મગનભાઈ શિંગાળા, જીતુભાઈ ભાલાળા, વિજયભાઈ ભાલાળા, રાજેશ વોરા, હસમુખભાઈ ધારૈયા, રમેશ ધામત સહિત લીલીયા તાલુકાનાં વિવિધ સમાજોનાં આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આમ, સરદાર સાહેબની જન્મજયંતી નિમિત્તે લીલીયા મોટામાં રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને દેશભક્તિનો સંદેશ આપતો કાર્યક્રમ યોજાયો હતો.

લીલીયા નજીક આવેલ સલડી ગામે

સુરતની જેલમાંથી વચગાળાની રજા ઉપર આવેલ કેદી નિયત સમયે પરત ન ફર્યો

જેલ વિભાગ દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવાઈ

અમરેલી, તા. ૩૧

લીલીયા તાલુકાનાં સલડી ગામના વતની અને હાલ સુરત ખાતે આવેલ લાજપોર મધ્યસ્થ જેલમાં પાકા કેદી નં. ૨૬૪૮ તરીકે રહેતા પંકજ ઉર્ફે હાજો વિનુભાઈ સાથળીયા નામનો આરોપી લાજપોર મધ્યસ્થ જેલ ખાતેથી ગત તા. ૨૫/૮નાં રોજ દિન–૭ (સાત)ની મુદ્દત માટે વચગાળાની રજા ઉપર રહે. સલડી મુકામે જવા મુકત કરવામાં આવેલ હતો.

આ કેદીને વચ્ચ જામીનની મુદ્દત પુરી થતા ગત તા. ૨/૯નાં રોજ બપોરનાં ૧૨ વાગ્યે લાજપોર જેલ સુરત ખાતે હાજર થવાનુ હતું. પરંતુ મજકુર કેદી નિયત તારીખે હાજર નહી થઈ સલડી ગામેથી ફરાર થઈ ગુન્હો કરતા કેદી વિરૂધ્ધ જયુડીશયલ જેલર લાજપોર મધ્યસ્થ જેલએ લીલીયા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

સરદાર પટેલની જન્મજયંતીએ

ચિતલ–જશવંતગઢ ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

મહિલાઓ પણ રકતદાન કાર્યમાં જોડાઈ

ચિતલ, તા. ૩૧

શ્રી સરદાર પટેલની જન્મજયંતી નિમિત્તે ચિતલ–જસવંતગઢમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો. એસપીજી ગૃપનું આયોજન મહિલાઓએ પણ રકતદાન કર્યુ હતું. ચિતલનાં જસવંતગઢ ખાતે પટેલા વાડીમાં મહા રકતદાન કેમ્પ આજરોજ યોજાઈ ગયો હતો. જેમા બહોળી સંખ્યામાં લોકોએ હાજર રહી રકતદાન કર્યુ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સરદાર પટેલ એસપીજી ગૃપનાં જે.કે. માંગરોળીયા, ભરત માંગરોળીયા, શાંતિભાઈ દેસાઈ, રોહીત બાબરીયા, અશોક માંગરોળીયા, હરેશ ધામી વિગેરેએ જહેમત ઉઠાવીને મહા રકતદાન કેમ્પમાં બહોળી સંખ્યામાં રકતદાન થયું હતું.

ધારાસભ્ય તળાવીયાના વરદ્ હસ્તે

બાબરાના ખાનપર ગામે નવા પંચાયત ભવનનું લોકાર્પણ

ગ્રામજનોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૧

બાબરા તાલુકાના ખાનપર ગામે પંચાયત ભવનનું લોકાર્પણ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. ગામના વહીવટી કાર્યોને વધુ સુવ્યવસ્થિત અને સરળ બનાવવા તેમજગ્રામજનોને પંચાયતલક્ષી સેવાઓ સ્થાનિક સ્તરે જ સરળતાથી મળી રહે તે દિશામાં નવા પંચાયત ભવનનું નિર્માણ મહત્વપૂર્ણ સાબિત થશે.

નવા પંચાયત ભવનના લોકાર્પણ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, ગામડાઓનો સર્વાંગી અને સુવિધાસભર વિકાસ એ સરકારની વિકાસ યાત્રાનું મહત્વનું અંગ છે. ગ્રામ્ય વિસ્તારોમાં રોડ, પાણી, શિક્ષણ, આરોગ્ય, પંચાયત ભવન સહિતની માળખાકીય સુવિધાઓને સતત મજબૂત બનાવવામાં આવી રહી છે. ગામના વિકાસ સાથે ગ્રામજનોને સરકારી યોજનાઓ અને વહીવટી સેવાઓ સરળતાથી મળી રહે તે માટે સુવિધાયુક્ત પંચાયત ભવન પણ ખૂબ જ જરૂરી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ખાનપર ગામના વિકાસ માટે સ્થાનિક આગેવાનો, ગ્રામ પંચાયત અને ગ્રામજનો દ્વારા કરવામાં આવતી રજૂઆતોને પ્રાથમિકતા આપી વિકાસના કામોને આગળ ધપાવવામાં આવશે. સરકારની વિકાસલક્ષી યોજનાઓનો લાભ ગામના છેવાડાના વ્યક્તિ સુધી પહોંચે અને દરેક ગામમાં જરૂરી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ બને તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

નવું પંચાયત ભવન ગ્રામ પંચાયતના વહીવટી કાર્યો માટે મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે. ગ્રામજનોને વિવિધ સરકારી યોજનાઓ, પંચાયત સંબંધિત કામગીરી તેમજ જરૂરી વહીવટી સેવાઓ માટે વધુસુવિધા મળી રહેશે. જેના કારણે ગ્રામજનોનો સમય અને મહેનત બંને બચશે અને ગામના વહીવટમાં વધુ કાર્યક્ષમતા આવશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય, તાલુકા પંચાયતના પ્રમુખ તથા સદસ્યો, તાલુકા ભાજપ પ્રમુખ, ગામના સરપંચ, ગામના આગેવાનો, ભાજપના કાર્યકર્તાઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ નવા પંચાયત ભવન બદલ ગ્રામજનોને શુભેચ્છાઓ પાઠવી હતી. લોકાર્પણ પ્રસંગે ગ્રામજનોમાં પણ આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ગ્રામજનો દ્વારા નવા પંચાયત ભવનની સુવિધા ઉપલબ્ધ કરાવવા બદલ ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તેમજ સરકારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ખાનપર ગામના વિકાસમાં ઉમેરાયેલું આ નવું પંચાયત ભવન ગ્રામ વિકાસને વધુ ગતિ આપશે અને ગ્રામજનોને વધુ સુવિધાયુક્ત તથા પારદર્શક વહીવટી સેવાઓ પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. રાજય સરકારના 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌ પ્રયાસ'ના સંકલ્પ સાથે ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસકાર્યોને સતત આગળ ધપાવવાની પ્રતિબદ્ધતા આ પ્રસંગે વધુ એક વખત ઉજાગર થઈ હતી.

અમરેલી ખાતે દેસાઈ પરિવારને સાંત્વનાં પાઠવતા આગેવાનો

અમરેલી જિલ્લા કોંગ્રેસનાં પૂર્વ પ્રમુખ શંભુભાઈ દેસાઈનાં ભત્રીજા સંજયભાઈ દેસાઈનું તાજેતરમાં નિધન થતાં સમગ્ર દેસાઈ પરિવારને સાંત્વનાં પાઠવતાં રાજય ઉર્જા મંત્રી કૌશિક વેકરિયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, સહકારી અગ્રણી પી.પી. સોજીત્રા, કોંગી અગ્રણી જેનીબેન ઠુંમર, ડી.કે. રૈયાણી, પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલીયા, ડો. જી.જે. ગજેરા, કાંતિભાઈ વઘાસિયા, દલસુખભાઈ દુધાત, જયેશભાઈ નાકરાણી, શૈલેષ સંઘાણી, મેહુલભાઈ ધોરાજિયા, રાજુભાઈ ભુતૈયા, જે.પી. સોજીત્રા, સંદિપ ધાનાણી, મહેશભાઈ સાવલીયા, મનિષભાઈ ભંડેરી, ટીકુભાઈ વરૂ, રફીકભાઈ મોગલ, નરેશ અધ્યારૂ, દિલીપ પરિખ, એમ.કે. સાવલીયા, ચતુરભાઈ ખૂંટ, કાળુભાઈ રૈયાણી સહિતનાં રાજકીય અને સામાજિક આગેવાનો દ્રશ્યમાન થાય છે.

ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયા દ્વારા વિકાસકાર્યોનો ધમધમાટ

બાબાપુર, ફતેપુર અને મોટા ભંડારીયામાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમ યોજાયા

બાબાપુર ખાતે રૂપિયા ૧.૯૫ કરોડનાં ખર્ચે સુવિધાપથ બનતાં ગ્રામજનોની સુવિધામાં વધારો

મોટા ભંડારીયા ખાતે ૭ લાખનાં ખર્ચે સી.સી. રોડ બનતાં તેમનું લોકાર્પણ કરાયું

ફતેપુર ખાતે રૂપિયા ૭ લાખનાં ખર્ચે બનનારા માર્ગનું ખાતમુહૂર્ત કરાયુ

સ્થાનિક પદાધિકારીઓ, આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા. ૩૧

રાજયના કાયદો અને ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અમરેલી તાલુકાના બાબાપુર, ફતેપુર અને મોટા ભંડારીયા મુકામે ગ્રામીણ જનજીવનને વધુ સુવિધાજનક બનાવવાના હેતુથી વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમો યોજાયા હતા. ઉલ્લેખનીય છે કે, બાબાપુર મુકામે આયોજિત કાર્યક્રમમાં સતાધારના પૂ. મહંત શ્રી વિજય બાપુ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ વિકાસ યાત્રા અંતર્ગત બાબાપુર મુકામે ગ્રામજનોની વર્ષો જૂની માંગણી સંતોષાતા રૂા. ૧.૯૫ કરોડના માતબર ખર્ચે નવનિર્મિત સુવિધાપથ (રોડ) નું રાજયમંત્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ આધુનિક સુવિધાપથ સાકાર થવાથી ચોમાસા દરમિયાન પડતી મુશ્કેલીઓનો કાયમી અંત આવશે. સુવિધાપથની ભેટ મળતાં સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો દ્વારા હર્ષની લાગણી વ્યકત કરી સરકારનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

બાબાપુર મુકામે ગ્રામજનોને સંબોધતા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, વર્તમાન સરકાર છેવાડાના માનવી સુધી પાયાની સુવિધાઓ પહોંચાડવા કટિબદ્ધ છે. સમગ્ર અમરેલી વિસ્તારમાં શહેરી વિસ્તારોની સાથોસાથ ગ્રામ્ય વિસ્તારોમાં પણ રોડ-રસ્તાના કનેકિટવિટીના અદ્યતન વિકાસકાર્યો સતત વેગવંતી ગતિએ આગળ ધપી રહ્યા છે, જેનાથી સ્થાનિક પરિવહન ક્ષમતામાં મોટો સુધારો જોવા મળશે.

મોટા ભંડારીયા મુકામે ગ્રામજનોની આંતરિક સુવિધામાં વધારો કરતા રૂ. ૭ લાખના ખર્ચે નવનિર્મિત સી.સી. રોડના વિકાસકામનું રાજયમંત્રીશ્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જયારે ફતેપુર મુકામે પણ આંતરિક રસ્તાઓને મજબૂત કરવા માટે રૂ. ૭ લાખના અંદાજિત ખર્ચે તૈયાર થનારા સી.સી.રોડ સહિતના વિકાસકામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ફતેપુર, મોટા ભંડારીયા અને બાબાપુર મુકામે વિકાસકામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ પ્રસંગે તાલુકા પંચાયત હોદ્દેદારો, સ્થાનિક અગ્રણીઓ, સરપંચ, ગ્રામ પંચાયત સભ્યઓ, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

''અમરેલી એક્સપ્રેસ''

અમારૂ ઇ-મેઇલ એડ્રેસ

''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ

amreliexpress7@gmail.com

પર ફોટોગ્રાફસ મોકલવા.

''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર

આલ્ફા ઓટોલિંક

Alpha Autolink

સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.

સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

Jaydeep Rayththa
Mo. 98980 52364

PRIME PROPERTY

Sell • Purchase • Lease

Commercial • Residential • Plotting

Member of

RPCA | NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA

413, Star Plaza, Phulchhab Chowk, Rajkot

+91 98980 52364 / 93770 03636

Jaydeep Rayththa1983@Gmail.Com

જીજ્ઞેશ એજન્સી

લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.

મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

આદુ-મરચાથી ભરપુર **સ્પે. વાટીદાળના ખમણ**

તેમજ **સ્પે. નાયલોન ખમણ** મળશે

દાનગીગેવ ખમણ હાઉસ

અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)

સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ ડેરી ફાર્મની બાજુમાં, અમરેલી

મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

પરીખ હોન્ડા

બાબરા • બગસરા • કુકાવાવ • ધારી • વડીયા • દામનગર

સાંભળવાની તકલીફ છે ?

- **આ દિવાળીમાં** આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર

સ્પીચ અને હિયરીંગ ક્લિનીક

ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફિકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ

૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી

ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

શુદ્ધ, સાત્વિક, ગુજરાતી થાળી,
ઘર જેવું જમવા માટે આજે જ અમારો સંપર્ક કરો.

"મહાદેવ કેટરિંગ એન્ડ ટિફિન સર્વિસ"

બપોર નું મેનુ:- રૂ. ૮૦/-
૧- શાક, ૪- ફૂલકા રોટલી, દાળ-ભાત, સંભારો, પાપડ.

રાતનું મેનુ:- રૂ. ૮૦/-
૧- શાક, ૨- ભાખરી, ખીચડી, રાયતાં મરચાં, ગોળ.

એકસ્ટ્રા આઈટમ:-

શાક	રોટલી	રોટલા	ભાખરી	થેપલાં	દાળ-ભાત
- ૩૦/-	- ૫/-	- ૨૫/-	- ૧૫/-	- ૧૦/-	- ૩૫/-

ટિફિન ડિલિવરી ફ્રી

મનોજ જોષી મો. ૭૯૯૦૦૫૦૮૮૦
અંજના જોષી મો. ૮૭૫૮૦૦૮૨૯૭

બેસતા વર્ષના દિવસે માટલા ઉંધીયું મળશે

આપને ત્યાં આવતાં શુભપ્રસંગે ઓર્ડર પણ કરી આપીશું.

રોટલી, રોટલા, ભાખરી, થેપલાં, પણ ઓર્ડર ઉપર બનાવી આપીશું.

શિવ ફરસાણ (ધારીવાળા)

સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે

નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે.લીલીયા રોડ.અમરેલી.

પ્રકરણ-૩૦૮ -૧૯૬૭

પ્રિય વાચક મિત્રો,

આગામી સપ્તાહમાં દિપાવલીના શુભ તહેવારો શરૂ થઈ જશે, રમા અગિયારસ, વાઘ બારશ, ધન તેરશ, અને રૂપ ચર્તુર્થીની સાથે દિપાવલી તહેવારોની આપ સર્વેને હાર્દિક શુભ કામનાઓ.

ઘણા સમયથી આપણે આપણાં તહેવારોને ઘોઘાટ અને પ્રદૂષણમાં ફેરવી નાખ્યા છે, સાથે આપણાં ધાર્મિક તહેવારોની સંસ્કૃતિ વિસરાઈ રહી છે. માતા લક્ષ્મીનું સમુદ્ર મંથનથી પ્રગટ થવું, ભગવાન શ્રી કૃષ્ણ દ્વારા નરકાસુરનો નાશ કરવો, અને ભગવાન શ્રી રામના વનવાસના અંત સાથે શ્રી રામ રાજયની સ્થાપના, શ્રી હનુમાનજી પૂજન, શ્રી કુળદેવી અને શ્રી કુલ દેવતાનું પૂજન અને શ્રી લક્ષ્મી નારાયણની પુજા વિસરાઈ રહી છે, માતા સરતીનું પૂજન દિપાવલીએ શા માટે ? તે આજની પેઢીને કદાચ ખબર નથી, અને દિપાવલી એટલે નવા કપડાં પહેરી, ફટાકડાની આતશ બાઝી કરવી અને ફરવા જવું એ તહેવારનું મહત્વ થઈ ગયું છે. આપણાં તહેવારોની ધાર્મિક પરંપરા આ હવે કોઈને પસંદ નથી, કે શું ? આપણી સંસ્કૃતિને જાળવવા આપણી યુવા પેઢી અને બાળકોને વડીલો તહેવારોની ધાર્મિક પરંપરા અને સંસ્કૃતિથી જોડે તેવી પ્રાર્થના સહ તમામને દિપાવલી પર્વની હાર્દિક શુભ કામનાઓ.

પહેલા દિપાવલી અને નવા વર્ષમાં ગ્રીટિંગ કાડર્સનું મહત્વ હતું, આજે તેની જગ્યા એ વ્હાટ્સ એપ અને વિડીયો કોલે લઈ લીધું છે, પેહલા એકબીજાને ઘર જઈ મીઠાઇ થી એકબીજાને શુભેચ્છા આપતા હતા. આજે નવી પેઢી નવા વર્ષની ઉજવણી કરે છે, પણ કયાં વિક્રમ સંવત છે તે ખબર નથી. તેઓ એ ઈસવીસનની સાથે જ નવું વર્ષ આવે છે. પેહલા જે આત્મીયતા હતી તેમાં આજે જાણે લોકો પથ્થર કે સનમ થઈ ગયા હોય તેવું નથી લાગતું ?

તૌબા યે મતવાલી ચાલ, ઝૂક જાયે ફૂલો કી ડાલ.. ચાંદ ઔર સુરજ.. બતાઉ કયાં લાના. તુમ લૌટ કે આ જાના.. પિયા યાદ રખોગે કે ભૂલ.. કોઈ નહીં હૈ.. ફીર ભી હૈ મુજ કો ના જાને કિસ કા ઈંતઝાર.. ના જાને કિસ

ફિલ્મી સફર
(એક ઈતિહાસ)
હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

૧૯૬૭ના ફિલ્મી સફરમાં આપણે આજે વર્ષની ટોપ ટેન ફિલ્મોમાં નંબર નવના સ્થાન પર રહેલી ફિલ્મ પથ્થર કે સનમની વાત કરીશું. આ ફિલ્મનું બજેટ ૪૦ લાખ અને નફો ૧.૪૦ કરોડ નો થયો, અને ફિલ્મ વર્ષની નવમા નંબરની સુપર હિટ ફિલ્મ બની. આ ફિલ્મની કથા ગુલશન નંદા ની નોવેલ પર આધારિત છે, અને ફિલ્મની કહાની પણ તેમની જ છે, ફિલ્મનું નિર્દેશન રાજા નવાથેનું છે. રાજા નવાથે એ રાજ સાહેબના સહાયક નિર્દેશક હતા.મનોજકુમાર, મેહમુદ અને પ્રાણ સાથે તેમની આ બીજી મોટી સફળતા છે. આ પેહલા ગુમનામ ફિલ્મ સફળ રહી હતી. મનોજ કુમાર હમેશા તે સમયે નિર્દેશકને સહાય રૂપ થતાં અને ફિલ્મની સ્ક્રીપ્ટમાં જરૂરી ફેરફાર કરાવતા હતા. સાથે ગીત અને સંગીતમાં પણ તેઓ ધ્યાન આપતા હતા. આ ફિલ્મનું ટાઈટલ સોંગ પેહલા મુકેશજીના સ્વરમાં લેવું તેવું નક્કી હતું, પણ મનોજે અહી તે ગીત રફી સાહેબ પાસે સ્વરબધ્ધ કરાવી, તે ગીત, આ ફિલ્મ અને રફી સાહેબના સ્વરને એક ઊચાઈ આપી હતી. મનોજ કુમાર અને પ્રાણ ફિલ્મોમાં કામ કરતાં સારા મિત્રો બની ગયા હતા. આ ફિલ્મમાં પ્રાણ એક ખલનાયક છે, પણ ૧૯૬૭ ની મનોજ કુમારની જ ફિલ્મ દ્વારા મનોજ કુમારે પ્રાણ સાહેબને એક નવી ઓળખ આપી જેની વાત આગળ કરીશું. ફિલ્મમાં વહિદાજી પેહલા મુમતાઝના સમકક્ષ પાત્રથી નારાજ હતા. કારણ કે આ ફિલ્મમાં મુમતાઝ એક સહાયક અભિનેત્રી રૂપે જોવા મળે છે, મુમતાઝએ હિન્દી સિનેમામાં ધીમે ધીમે પણ સધ્ધર સફળતા કેમ મેળવી શકાય તેનું ઉદાહરણ પૂરું પાડયું છે. ૧૯૬૭ માં મુમતાઝ બે ફિલ્મોમાં સહાયક અભિનેત્રી રૂપે આવ્યા અને એવાર્ડ પણ લઈ ગયા. આ બન્ને ફિલ્મોમાં મુખ્ય અભિનેત્રી વહિદા રહેમાન જ હતા.

ફિલ્મની સફળતા માંલક્ષ્મીકાન્ત પ્યારેલાલના સંગીતનો મુખ્ય ફાળો રહ્યો. એક સમય હતો કે લતા જી શંકર જયકિશન અને મદન મોહનને વધુ પસંદ કરતાં હતા, કારણ તેઓ એ લતાજી ના સ્વરને એક ઊચાઈએ લઈ જવામાં મોટો ફાળો આપ્યો હતો. પણ લક્ષ્મી પ્યારે સાથે કામ કરતાં કરતાં લતાજીને હવે સંતોષ થઈ રહ્યો હતો. ફિલ્મનું ગીત, કોઈ નહીં હે.. ફીર ભી હે મુજ કો.. ના જાને કિસ કા ઈંતઝાર... માં લતાજીના સ્વરને એક લય બધ્ધ ગાયિકી સંગીત દ્વારા લક્ષ્મી પ્યારે એ આપી છે. મુકેશજીના સ્વરમાં રોમાંટીક ગીત ખૂબ ઓછા છે, પણ લક્ષ્મી પ્યારે એ મુકેશજી અને લતાજીના સ્વરમાં અહી.. મહબૂબ મેરે.. તું હે તો દુનિયા. કિતની હસી હે.. જો તું નહીં તો કુછ ભી નહીં હે.. મહબૂબ મેરે દ્વારા એક યાદગાર ગીતનું નિર્માણ કર્યું છે. તો રફી સાહેબના સ્વરમાં આજેપણ ઘાયલ પ્રેમીઓનું માનીતું ગીત એટલે, પથ્થર કે સનમ. તુજે હમને મુહબ્બત કા ખુદા માના.. બડી ભૂલ હુઈ અરે હમને યે કયાં સમજા યે કયાં માના... જે રફી સાહેબના યાદગાર ગીત પૈકી એક છે. અને મુકેશજીના સ્વરમાં.. તેબા યે મતવાલી ચાલ, ઝૂક જાયે ફૂલો કી ડાલ, ચાંદ એર સુરજ આ કર માંગે તુજે સૌ રંગ... હસીના તેરી મિસાલ કહા.. આજેપણ નવ યુવકદ્વારા કેહવા તું એક મીઠી છેડતી રૂપનું ગીત છે. અને આશાજીના માદક સ્વરમાં મુમતાઝ પર ચિત્રિત ગીત, એ દુશ્મને જા ..ચલ દિયા કહા .... આજેપણ સાંભળવું ગમે છે. તો રફી સાહેબ, મેહમુદ અને કેરસના સ્વરમાં. એ ભગત રામ કી બહેનાં તું બન જા મેરી મેના... પણ ઉલખેનીય છે. મેહમુદને દરેક ફિલ્મમાં ઓછામાં ઓછું એક ગીત તો આપવું જ પડતું હતું. આ ગીતનું શૂટિંગ મેહમુદ અને ફિલ્મના તમામ કલાકરો સાથે કરવામાં આવ્યું છે. લતાજીના સ્વરમાં.. બતાઉ કયાં લાના.. તુમ લેટ કે આ જાના.. યે છોટા સા નજરાના. પિયા યાદ રખોગે કે ભૂલ જાઓગે.. માં વહિદાજી એક નટખટ યુવતી બને છે. ફિલ્મના તમામ ગીતો મજરૂહ સુલ્તાન પૂરીએ લખ્યા છે.

ફિલ્મનું નિર્માણએ એ નડિયાદ વાલાનું અને નિર્દેશન રાજા નવાથેનું છે. ફિલ્મમાં મનોજ કુમાર, વહિદા રહેમાન, મુમતાઝ, અરૂણા ઈરાની, મેહમુદ, રાજ મહેરા, તિવારી, લલિતા પવાર, જાનકી દાસ અને પ્રાણનો અભિનય હતો. ફિલ્મની કથા ટૂંકમાં જોઈએ તો, તિવારી એક ધનવાન વ્યક્તિ છે, જેના સફરજનના બગીચા આ છે, મનોજ તે બગીચાના મેનેજરની નોકરી માટે ત્યાં જવા માટે ટ્રેનમાં મુસાફરી કરી રહ્યો છે, ત્યાં તેની મુલાકાત મુમતાઝ સાથે થાય છે, જે તિવારીની પુત્રી છે, મનોજને તેના ઘર સુધી આવતો જોઈ મુમતાઝ અને તેની સહેલી વહિદા મનોજ સાથે મજાક કરી તેની સાથે પ્રેમનું નાટક કરવા નક્કી કરે છે. પણ એ નાટકમાં બન્ને મનોજ સાથે પ્રેમના પડી જાય છે, પણ મનોજ અમીર બાપની યુવતી કરતાં સાદગી અને સૌદર્યથી સજેલ વહિદા ને પસંદ કરે છે. મુમતાઝ વહિદાને તેના લગ્ન પ્રાણ સાથે થવા ના છે, તેથી મનોજને છોડવા કહે છે. વહિદાના પિતા રાજ એક અપંગ પણ નામી વ્યક્તિ છે. વહિદાને ગામનો ઠેકેદાર પ્રાણ બચપણમાં કરેલ સગાઈનો વાયદો આપી લગ્ન માટે પરેશાન કરે છે, વહિદાના પિતા આ લગ્ન કરવા તૈયાર નથી. કારણ પ્રાણ એક બદમાશ યુવક છે. પ્રાણ તિવારીના બગીચાના ફળ સસ્તામાં ખરીદે છે, જેમાં જાનકી દાસ તેને મદદ કરે છે. મનોજ પ્રાણને ફળ આપવાની ના કહે છે, પ્રાણને વહિદા અને ફળના મળવાથી મનોજ પ્રત્યે વેર બંધાય છે, તે મનોજને ઘાયલ કરે છે,

મનોજની દેખભાળ માટે તેની માતા લલિતા ત્યાં આવે છે, અને ઠાકુર તિવારી તેને જોઈ તેને ઓળખી જાય છે, કે આ તે જ મહિલા છે, જેના પતિને મારી નાખી આ તમામ મિલકત તેણે પચાવી પાડી હતી. લલિતાનો ઈરાદો પણ સારો નથી. તે પતિ ની હત્યા નોબદલો લેવા વર્ષો પેહલા ઠાકુર તિવારીના પુત્રને ઉઠાવી ગઈ છે, અને તેની પુત્રીને ઠાકુર તિવારી પાસે મૂકી દીધી છે. ઠાકુર તિવારી તે બાળકીને પોતાની પુત્રી સમજી યુવાન મુમતાઝ બનાવે છે. અને લલિતા ઠાકુરના પુત્રને પોતાનો પુત્ર સમજી યુવાન મનોજ બનાવે છે. હવે લલિતા એવું ઈચ્છે છે કે, તિવારીની પુત્રી મુમતાઝ એટલે કે તેની પુત્રીના લગ્ન ઠાકુરના પુત્ર મનોજ સાથે થાય અને તે ફરી આ મિલકતની માલિક બને. કારણ કે સામાજિક દ્રષ્ટિએ મનોજ એ લલિતાનો પુત્ર છે. પણ મનોજએ વહિદાને પ્રેમ કરે છે. તેથી લલિતા વહિદાને સત્ય જાહેર કરે છે, અને મનોજ સાથે સંબંધના રાખવા કહે છે. આ વાત મુમતાઝ પણ જાણી લે છે. અંતે વહિદા મનોજને અવગણે છે. આ તકનો લાભ પ્રાણ લે છે અને વહિદાનું અપહરણ કરી તેની સાથે લગ્ન કરવા માંગે છે. પણ મનોજ ત્યાં પહોચી પ્રાણ સાથે મુકાબલો કરે છે. આ લડાઈમાં મુમતાઝ તેના પ્રાણની આહુતિ આપી મનોજ પ્રત્યેનો પ્રેમ સ્થાપિત કરે છે. અંતે તિવારી પ્રાણ ની હત્યા કરે છે, અને બન્ને હત્યાનો આરોપ સ્વીકારી મનોજ અને વહિદાને એક કરે છે. ૧૯૬૦ના દસકમાં ફિલ્મ સંપૂર્ણ મનોરંજક હોય તેવી વધુ સફળ રહેતી હતી. સાથે ફિલ્મના અંતમાં ફાઈટ અને થ્રીલર હોવું જરૂરી હતું. ફિલ્મમાં મેહમુદ હસાવવામાં સફળ રહે છે. તે સમયે મેહમુદ કોઈ પણ હીરો કરતાં પણ વધુ રકમ ફિલ્મ કરવા માટે લેતા હતા. અને અરૂણા ઈરાનીને પણ તેની સહ નાયિકા માટે તે સમયે ૨૫ હજારની માતબર રકમ મહમુદે અપાવી હતી. આજે હીરો અને ખલનાયક બન્ને ફિલ્મમાં કોમેડી કરે છે, ફિલ્મમાં કોમેડીનું સ્તર પણ ઘણું ઊંચું આવી ગયું છે. એટલે આજની પેઢીને મેહમુદની કોમેડીથી હસવું ઓછું આવે તે સંભવ છે. પણ તે સમયે મેહમુદ એટલે ફિલ્મની સફળતા એવું કેહવા તું હતું. આગામી અંકમાં શમ્મી કપૂરની સુપર હિટ સંગીત મય સસ્પેન્સ ફિલ્મ સાથે મળીશું. આભાર. હિતેશ જોશી.

॥ સ્નેહની ચરીતા વહે છે આપને આંગણે... ॥

સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

નિમિતે અને નિમિસાના હમણા લગન થયા છે. દીવાળીનાં તહેવારો માણવા, નવી મોટર લઈ ઘરે આવ્યો છે. નિમિષાને મોટરની ખુલી, યંત્રો, હોર્સ પાવર વગેરે વિશે વાત કરી નિમિતને મોટર વિશે સારૂ જ્ઞાન હતું. નિમિષા મનમાં વિચારી રહી.. મોટર વિશે નિમિત ઘણું જાણે છે. પરંતુ મને જાણવા સમજવા પ્રયત્ન કર્યો છે. ? બસ આખો દિવસ, ઓફિસ, ઓડીટમાં કયારેય સમય મનતો નથી. સમય હોય ત્યારે ફાલતું વાતો... ? આપણે સો ઘણું વસ્તુઓ વિશે જાણીએ છીએ. પણ નજીકનાં સબંધો વિશે જાણતા નથી.. સમજતા નથી. ચાર ફેરા ફરવાથી લગ્ન થઈ જાય છે. પરંતુ વહેતમાંથી અબ્દ્રેત બનવાની સાધના કરવી પડે છે. સૌથી મોટી કળા છે. જીવન સુખી રીતે જીવવાની, મીઠા મધુરા સંબંધો ખુશ્બુથી મહેંકતા રાખવા તપ કરવું પડે છે.

દરવાજો બંધ છે. લટકે છે. તાળુ...

ચકયતાની ચાવી લઈ ખોલી તો જુઓ... !

નિમિષાની મમ્મીએ સાસરે વળાવતી વખતે કહયું હતું. પતિ સાથે લગ્ન થાય છે. પરંતુ લગ્ન તો આખા પરિવાર સાથે થાય છે. આખા પરિવારને સુખી કરજે એટલે તું સ્વયં સુખી થઈશ. આપણે રસોઈ સ્વાદ્રિષ્ટિ બનાવવા, ઘણા મસાલા નાખીએ છીએ, તેમ કુંટુંબના બધા સભ્યો સાથે પ્રેમનું મેળવણું કરી સંબંધોને સુવાસમાં ફેરવી મીઠાશ લાવજે આ સાચુ સફળ ગૃહિણિનું કામ છે. આ એક દરેક સ્ત્રીઓ માટે આકરૂ તપ છે. તું હોશિયાર છો સમજું છો. તો પણ તારા અહમ્‌ને દુર રાખી લાગણીનાં અનેક રંગો પૂરી રાખજે. નિમિષાના પપ્પાએ તેને નાનપણથી જ એક સંસ્કાર અને સમજનું શિક્ષણ આપ્યું હતું. સૌને મદદ કરવી સૌ સાથે હસીને બોલવું. દરેકના કામમાં ઉપયોગી થવું દરેકના સ્વભાવ અલગ હોય છે. પરંતુ ધીરજ રાખી સૌને વહાલી થઈ ઉતમ ગૃહિણી બનજે. પ્રેમથી તને બધુ સ્વયં સાવી મળશે. માંગવાથી મળતું નથી. પ્રેમથી તને બધુ જ મળી શકશે. નિમિષા પપ્પાના આ શબ્દો દરેકને યાદ કરતી અને ખરે જ પપ્પાની શિખામણ હૈયામાં અને હોઠે રાખી કુંટુંબમાં સૌન પ્રિય થઈ પડી. મનિષા આનંદમાં રહેવા લાગી. દ્રૌપદી વનવાસમાં હતા ત્યારે ઘણી ઋષિપત્નિઓ તેમને સુખી લગ્નજીવનનું રહસ્ય પુછતી આ પ્રમાણે જ જવાબી આપ્યો હતો. વિનય, વિવેક અને નમ્રતા આજે સ્નેહની સરીતા સૂકીય જાય એ પહેલા જાગી જવાની જરૂર છે. વર્તમાન સમય ખુબ સુંદર છે. સૌને બધુ આવડે છે. સૌ સમજદાર છે. આંગળીના ટેરવે માહિતીનો ધોધ વહે છે. સારે કોઈની જરૂર પડે છે. ધુળ ની પણ જરૂર પડે છે. અભિમાન રાખવાથી સમાજ જીવનથી અલગ પડી જવાય છે. દ્રષ્ટાંત જંગલમાં એક મહાકાય હાથી બધાને કહેતો ફરે મને કોઈ ન પહોંચી શકે. મારે કોઈની જરૂર નથી. એક મચ્છર આ વાત સાંભળી હાથીભાઈનાં કાનમાં ઘુસી ચટકા ભરવા લાગ્યું હાથી ને કાનમાં વેદના થઈ પીડાથી માથુ પછાડવા આળોટવા લાગ્યો. હાથીભાઈનું અભિમાન મચ્છરે ઉતારી નાખ્યું. મચ્છરે બહાર નીકળી કહયું કદી કોઈને લડાઈની વાતો કરતો નહિ. યુવાનીમાં એક જોમ જુસ્સો અકડાઈ, અભિમાન હોય છે. નિમિષાના મા-બાપે શિખામણ આપી સંસારની વાડીને લીલાછમ બનાવી દીધી. વડીલો પાસે સંસારનો અનુભવ હોય છે. સુખનું વાવેતર કયાં, કયારે કરવું તે તેઓ જાણતા હોય છે. તમારા જીવનને સુખી કરવાનું રિમોટ કન્ટ્રોલ તમારા હાથમાં છે. ઘર આંગણે પ્રેમવર્ષાથી સ્નેહની સરીતા તમામ તમારી તરફ વળશે ઘરમાં આનંદના દીવડા શાશ્વત સમય માટે પ્રંગમમી ઉઠશે. બાહય સૌદર્ય તો વરસો પછી જતું રહેશે. આંતરિક સૌદર્ય તપીને સૌને સુંદરતા, મધુરતાથી ભરી દેશ. હેતની મધુર વાંસળીનું ગુંજન તમામ સંઘષોને દુર કરશે. સંસ્કૃતમાં આ શબ્દો છે. ઘરની શોભા સ્ત્રી, માંગલ્ય મૂર્તિ સ્ત્રી, સ્ત્રીઓનું સન્માન ત્યા દેવોનો વાસ છે. આમ દરેક ઘર સ્વર્ગ બનાવે તો જીવનના પ્રશ્નો ઉકેલી શકાય છે. સંવાદિતા હેતભર્યુ જીવન તમામ અધિકારો આપ મેળે આવીને ચરણમાં પડશે. આ એક તપનો માર્ગ છે. તપ વિના સિદ્ધિ નહિ, દરેકને આ શિક્ષણ કુંટુંબમાંથી મળવું જોઈએ. આજે જે યુરોપ - અમેરિકામાં સ્થિતિ થઈ છે. તે સ્થિતિ આવતી કાલે અહી ન થાય તે માટે સૌએ સંભાળવાનું છે. પીપળી પાન ખરંત હસતી કુંપળિ યા અમ વીતી તમ વીતશે. ધીરી બાયુડીયા જિંદગીનો દાખલો ખોટો જાણશો. તો દાખલો ફરીથી નહિ ગણાય ઈફયુ રાઈટ રોંગ, યુકેન રાઈટ અગેઈન, ઈફયુ સ્પીક રોગ યુકેન સ્પીક અગેઈન. ઈફ યુ ડુ રોગ. રાંગ ડુઈન્ગ સ્ટે વીથ યુ. જીવનપથ સાધના પથ છે.

બધે દરવાજા બંધ છે, લટકે છે તાળુ... શકયતાની ચાવી આપુ જરા ખોલોતો ખરા...

અંધારૂ અડાબીડ પથરાયું છે. ચોતરફ, દીવાની વાટ જરા સંકોરો તો ખરા....!

આત્મ-નિયંત્રણ.. સાચી સ્વતંત્રતા - સફળતા અને આત્મવિકાસનો માર્ગ

માનવજીવનમાં સુખ, શાંતિ,સફળતા અને સંતોષ પ્રાપ્ત કરવા માટે આત્મ - નિયંત્રણ અત્યંત મહત્વપૂર્ણ ગુણ છે. આત્મ - નિયંત્રણ એટલે પોતાની ઈચ્છાઓ, લાગણીઓ, વિચારો, વાણી અને આવેગોને વિવેક બુદ્ધિના માર્ગદર્શન હેઠળ રાખવાની ક્ષમતા. સામાન્ય રીતે માણસ સ્વતંત્રતાનો અર્થ પોતાની ઈચ્છા પ્રમાણે જીવવામાં માને છે પરંતુ દરેક ઈચ્છા પૂરી કરવી એ સાચી સ્વતંત્રતા નથી. જો માણસ પોતાની ઈચ્છાઓનો ગુલામ બની જાય તો બહારથી સ્વતંત્ર હોવા છતાં અંદરથી પરતંત્ર બની જાય છે. સાચી સ્વતંત્રતા પોતાની ઈચ્છાઓને સમજવામાં અને યોગ્ય - અયોગ્ય વચ્ચેનો ભેદ કરીને યોગ્ય નિર્ણય લેવામાં રહેલી છે.જે વ્યક્તિ પોતાના મનને જીતી લે છે તે જીવનની સૌથી મહત્વપૂર્ણ લડાઈ જીતી લે છે. આત્મ-નિયંત્રણ એટલે પોતાની જાતને દબાવી દેવી કે જીવનના દરેક આનંદથી દૂર રહેવું નહીં પરંતુ પોતાની ઈચ્છાઓ અને લાગણીઓને યોગ્ય દિશા આપવી. ક્રોધ આવે ત્યારે વાણી પર સંયમ રાખવો, લોભ જાગે ત્યારે મર્યાદા સમજવી અને આકર્ષણ સામે વિવેકબુદ્ધિ જાળવવી એ આત્મ-નિયંત્રણનાં ઉદાહરણો છે. તેના મુખ્ય આધાર છે - મનનું નિયંત્રણ, લાગણીઓનું સંતુલન, વિચારશુદ્ધિ, ઈન્દ્રિયસંયમ અને લક્ષ્યનિષ્ઠા. આત્મ-નિયંત્રણ ધરાવતો માણસ પોતાની લાગણીઓને ઓળખે છે પરંતુ તેમના આવેગમાં આવીને નિર્ણય લેતો નથી, તે દરેક ઈચ્છાને જીવનનો આદેશ માનવાને બદલે તેના પરિણામો વિશે વિચારે છે.

શાસ્ત્રોમાં આત્મ-નિયંત્રણનું મહત્વ.. ભારતીય ધર્મગ્રંથો મનનું નિયંત્રણ, ઈન્દ્રિયસંયમ, સમત્વ અને વિવેકને જીવનની ઉન્નતિ માટે આવશ્યક ગણાવે છે.ભગવદગીતા અનુસાર મન જ મિત્ર પણ છે અને મન જ શત્રુ છે.ભગવદ્‌ગીતાના છઠ્ઠા અધ્યાયના પાંચમા શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે.. પોતાના વડે પોતાનો ઉદ્ધાર કરે પોતાને અધોગતિમાં ના નાખે કારણ કે પોતે જ પોતાનો મિત્ર છે અને પોતે જ પોતાનો શત્રુ છે.. મન સદવિચારો અને સંયમના માર્ગે ચાલે તો પ્રગતિ થાય છે, જયારે તે ક્રોધ-લોભ અને અનિયંત્રિત ઈચ્છાઓના વશમાં જાય ત્યારે દુઃખનું કારણ બને છે તેથી બીજાને બદલતાં પહેલાં પોતાના વિચારો અને વર્તનને સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ.**ઈન્દ્રિયસંયમનું મહત્વ..**

: આલેખન :
સોમ એટલે ચંદ્ર અને ચંદ્રે જે જગ્યાએ નાથ કહીને ભગવાન શિવનું તપ કર્યુ અને ભગવાન શિવ પ્રગટ થયા તે હર હર સોમનાથ દાદા....
શ્રી વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા.શહેરા, જી. પંચમહાલ,૯૭૨૨૧ ૬૬૦૭૫

ભગવદ્‌ગીતાના બીજા અધ્યાયના ૬૦ મા શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ સમજાવે છે કે રસબુદ્ધિ રહેવાથી યત્ન કરવા છતાં બુદ્ધિમાન મનુષ્યની પણ મંથન કરી નાખવાના સ્વભાવની આ ઈન્દ્રિયો તેના મનને બળપૂર્વક હરી લે છે.. માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવું પૂરતું નથી, તેને જીવનમાં ઉતારવા માટે અભ્યાસ અને સાવધાની પણ જરૂરી છે. માણસ જાણતો હોવા છતાં ક્રોધમાં ખોટું બોલી શકે છે કે હાનિકારક આદત છોડી શકતો નથી આથી જ્ઞાનની સાથે ઈન્દ્રિય સંયમ અને નિયમિત અભ્યાસ આવશ્યક છે.

કામ-ક્રોધ અને લોભથી સાવધાન..ભગવદ્‌ગીતાના સોળમા અધ્યાયના ૨૧મા શ્લોકમાં કામ - ક્રોધ અને લોભ - આ ત્રણ જાતનાં નરકનાં દ્વાર જીવાત્માનાં પતન કરનારાં છે માટે આ ત્રણેયને ત્યજી દેવાં જોઈએ.. અનિયંત્રિત ઈચ્છાઓ પૂરી ન થાય ત્યારે ક્રોધ જન્મે છે અને વધુ મેળવવાની લાલસા માણસને અસંતોષમાં રાખે છે તેથી ઈચ્છાઓનો સંપૂર્ણ નાશ કરવાનો નહીં પરંતુ તેમને વિવેક - નૈતિકતા અને જીવનના ઉચ્ચ હેતુને અનુરૂપ રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ.**સમત્વ એ યોગ છે..**

ભગવદ્‌ગીતા ૨.૪૮ માં શ્રીકૃષ્ણ સફળતા અને નિષ્ફળતામાં સમભાવ રાખીને કર્તવ્ય કરવાનું શીખવે છે. સિદ્ધ્ય સિદ્ધયો : સમો ભૂત્વા સમત્વં યોગ ઉચ્યતે..જીવનમાં હંમેશાં ઈચ્છા પ્રમાણે પરિણામ મળતું નથી, નિષ્ફળતામાં નિરાશ થઈ જવાને બદલે અને સફળતામાં અહંકાર કરવાને બદલે સ્થિર રહીને આગળ વધવું એ આત્મ-નિયંત્રણનું સ્વરૂપ છે. સમત્વનો અર્થ લાગણીઓનો અભાવ નહીં પરંતુ લાગણીઓ હોવા છતાં વિવેકબુદ્ધિ જાળવવી એવો છે.કઠોપનિષદના રથરૂપકમાં શરીરને રથ, બુદ્ધિને સારથિ, મનને લગામ અને ઈન્દ્રિયોને ઘોડા તરીકે સમજાવવામાં આવ્યાં છે.સારથી કુશળ હોય અને લગામ યોગ્ય રીતે સંભાળવામાં આવે તો રથ સાચા માર્ગે આગળ વધે છે, એ જ રીતે બુદ્ધિના માર્ગદર્શન હેઠળ મન અને ઈન્દ્રિયો કાર્ય કરે તો જીવનને યોગ્ય દિશા મળે છે.પતંજલિના યોગસૂત્રમાં કહેવામાં આવ્યું છે કે.. યોગશ્ચિત્તવૃત્તિનિરોધ : ચિત્તની વૃત્તિઓના નિરોધને યોગ કહેવામાં આવ્યો છે. ધ્યાન - યોગાભ્યાસ અને સ્વાધ્યાય દ્વારા મનની ચંચળતા ઘટાડીને માનસિક સ્થિરતા વિકસાવી શકાય છે.

આત્મ-નિયંત્રણ કેમ આવશ્યક છે?અનિયંત્રિત ઈચ્છાઓ માણસને ભોગવિલાસ - વ્યસન અને અસંતોષ તરફ લઈ જઈ શકે છે. ધન, પ્રતિષ્ઠા કે સુખ-સુવિધાઓ મેળવવાની ઈચ્છા સ્વાભાવિક છે પરંતુ તેમની પાછળ આંધળી દોડ માનસિક શાંતિ છીનવી શકે છે. ક્રોધની એક ક્ષણમાં બોલાયેલા શબ્દો વર્ષોના સંબંધોને નુકસાન પહોંચાડી શકે છે. લોભ અને ઈર્ષ્યા માણસને બીજાઓ સાથે સતત સરખામણી કરવા પ્રેરે છે. અતિશય મોબાઈલનો ઉપયોગ-નશો અને અન્ય હાનિકારક આદતો સ્વાસ્થ્ય-સમય અને જવાબદારીઓને અસર કરી શકે છે. જયારે માણસ ક્ષણિક આનંદને લાંબા ગાળાના હિત કરતાં વધુ મહત્વ આપે છે ત્યારે અભ્યાસ, કારકિર્દી, સ્વાસ્થ્ય અને આધ્યાત્મિક વિકાસનાં લક્ષ્યો અધૂરાં રહી શકે છે તેથી આત્મ-નિયંત્રણ સંતુલિત અને જવાબદાર જીવન માટે અનિવાર્ય છે.

આત્મ-નિયંત્રણ કેવી રીતે વિકસાવવું?ઉચ્ચ લક્ષ્ય નક્કી કરો.. જીવનનો હેતુ સ્પષ્ટ હોય તો સમય અને શક્તિનો યોગ્ય ઉપયોગ કરવો સરળ બને છે. જ્ઞાન, સદાચાર, પરિવારની જવાબદારી, સમાજસેવા અને આધ્યાત્મિક વિકાસને જીવનનાં લક્ષ્યો બનાવો.નિયમિત દિનચર્યા બનાવો.. સમયસર ઊઠવું, સૂવું, સંતુલિત ભોજન લેવું, કસરત કરવી અને કામ માટે નિશ્ચિત સમય રાખવો, નાના સંકલ્પોથી શરૂઆત કરવી વધુ અસરકારક છે. ઈન્દ્રિયોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરો.. આંખો શું જુએ છે, કાન શું સાંભળે છે અને જીભ શું બોલે છે તેના પ્રત્યે જાગૃત રહો, વાણીમાં મર્યાદા રાખો અને હાનિકારક આદતોથી દૂર રહેવાનો પ્રયત્ન કરો.**ધ્યાન અને પ્રાર્થના કરો..** દરરોજ થોડો સમય ધ્યાન-પ્રાર્થના કે આત્મચિંતન માટે ફાળવો, મન ભટકે ત્યારે નિરાશ થવાને બદલે તેને ધીરજથી ફરી એકાગ્ર કરો. સેવા- સુમિરણ- સત્સંગને જીવનનું અંગ બનાવો..ભગવાને સુખના સાધનો આપ્યા હોય તો યથાશક્તિ જરૂરતમંદોની સેવા કરો, પ્રભુના નામનું સુમિરણ કરો, સારા વિચારોનું વાંચન કરો, સદાચારી સંત મહાપુરૂષોનો સંગ કરો અને શાસ્ત્રોના ઉપદેશને વ્યવહારમાં ઉતારવાનો પ્રયત્ન કરો.ઈચ્છા અને ક્રિયા વચ્ચે વિરામ રાખો.. ક્રોધ આવે કે કોઈ આકર્ષણ સામે મન અશાંત બને ત્યારે તરત નિર્ણય ન લો, પોતાને પૂછો કે હું જે કાર્ય કરી રહ્યો છું તે યોગ્ય છે ? તેનું પરિણામ શું આવશે ? શું તે મારા લાંબા ગાળાના હિતમાં છે ? ભૂલમાંથી બોધપાઠ લો.. આત્મ-નિયંત્રણ એક દિવસમાં વિકસતું નથી, ભૂલ થાય તો તેનું કારણ સમજો, જરૂર પડે ત્યારે માફી માગો અને ફરીથી પ્રયત્ન શરૂ કરો, પોતાની સાથે ધીરજ અને કરૂણા રાખવી પણ જરૂરી છે. આમ-નિયંત્રણના લાભ.. આત્મ-નિયંત્રણથી જીવનમાં અનેક સકારાત્મક પરિવર્તનો આવી શકે છે, માનસિક શાંતિ મળે છે, વિચારો અને લાગણીઓનું સંતુલન જાળવવામાં મદદ મળે છે. લક્ષ્યની પ્રાપ્તિ થાય છે, એકાગ્રતા-નિયમિતતા અને ધૈર્ય વધે છે. આત્મવિશ્વાસ વધે છે, પોતાના સંકલ્પો પૂરા કરવાથી પોતાની ક્ષમતા પ્રત્યે વિશ્વાસ વધે છે. સ્વાસ્થ્ય સુધરે છે. સંતુલિત આહાર, પૂરતી ઊંઘ અને કસરત જેવી સારી આદતો જાળવવામાં સહાય મળે છે. સંબંધોમાં મધુરતા આવે છે. વાણીમાં સંયમ અને ધીરજથી સંબંધો મજબૂત બને છે. આધ્યાત્મિક ઉન્નતિ થાય છે. પ્રાર્થના - ધ્યાન - સ્વાધ્યાય અને આત્મચિંતન માટે અનુકૂળતા ઊભી થાય છે.

આત્મ-નિયંત્રણ અને આધ્યાત્મિક જીવન..

આધ્યાત્મિક જીવનનો હેતુ માત્ર ધાર્મિક વિધિઓનું પાલન કરવાનો નથી પરંતુ પોતાના સ્વભાવમાં પરિવર્તન લાવવાનો પણ છે. જો માણસ સેવા - સુમિરણ - સત્સંગ કરે, શાસ્ત્રો વાંચે પરંતુ વ્યવહારમાં ક્રોધ, અહંકાર, ઈર્ષ્યા અને લોભને વધવા દે તો તેણે મેળવેલા જ્ઞાનને જીવનમાં ઉતારવાની જરૂર છે. સાચી સાધના ત્યારે ફળદાયી બને છે જયારે માણસ પોતાની ખામીઓને ઓળખે, વાણીમાં મધુરતા લાવે, બીજાઓ પ્રત્યે સહાનુભૂતિ રાખે અને કર્તવ્યો નિષ્ઠાથી નિભાવે. આત્મ - નિયંત્રણનો અર્થ પોતાની લાગણીઓને દબાવવો નહીં પરંતુ તેમને સમજીને યોગ્ય રીતે વ્યક્ત કરવો છે. પોતાની મર્યાદાઓ સમજવી, જરૂર પડે ત્યારે મદદ માગવી અને પોતાની સાથે કરૂણાભર્યું વર્તન કરવું પણ સંતુલિત જીવનનો ભાગ છે.

આત્મ-નિયંત્રણ માટે દૈનિક સંકલ્પ..

દરરોજ નીચેના સંકલ્પોનું પાલન કરવાનો પ્રયત્ન કરીએ.. મહત્વપૂર્ણ નિર્ણય ઉતાવળ માં નહીં લઉં, ક્રોધ આવે ત્યારે વાણી પર સંયમ રાખીશ, જરૂરિયાત અને અનાવશ્યક ઈચ્છા વચ્ચેનો તફાવત સમજીશ, સમય-ધન અને શક્તિનો યોગ્ય ઉપયોગ કરીશ, દરરોજ સેવા - સુમિરણ - સત્સંગ, પ્રાર્થના, ધ્યાન કે આત્મ ચિંતન માટે સમય ફાળવીશ, બીજાની સફળતાથી ઈર્ષ્યા કરવાને બદલે પ્રેરણા લઈશ, ભૂલ થાય ત્યારે જવાબદારી સ્વીકારીને તેને સુધારીશ, ક્ષણિક આનંદ કરતાં લાંબા ગાળાના હિતને પ્રાથમિકતા આપીશ, દરરોજ રાત્રે પોતાના વર્તનનું આત્મપરીક્ષણ કરીશ.આત્મ - નિયંત્રણ માનવ જીવનની આંતરિક શક્તિ છે જે માણસને પોતાની ઈચ્છાઓ - લાગણીઓ અને આવેગોનો ગુલામ બનતાં અટકાવે છે. ભગવદ્‌ગીતા મનને મિત્ર કે શત્રુ બનવાની શક્તિ ધરાવતું તત્વ સમજાવે છે, કઠોપનિષદ બુદ્ધિના માર્ગદર્શનનું મહત્વ દર્શાવે છે અને યોગદર્શન મનની વૃત્તિઓને સંયમિત કરવાની પ્રેરણા આપે છે. જીવનમાં ઈચ્છાઓ હોવી ખોટી નથી પરંતુ તેમને યોગ્ય દિશા આપવી જરૂરી છે. લાગણીઓ હોવી સ્વાભાવિક છે પરંતુ તેમના આવેગમાં આવીને ખોટા નિર્ણયો લેવા યોગ્ય નથી. ક્ષણિક સુખ માટે લાંબા ગાળાનું હિત ગુમાવવું પણ સમજદારી નથી. મનને જીતવું એ આત્મવિજય છે, ઈન્દ્રિયોને વિવેકથી ચલાવવાં એ સંયમ છે અને જીવનને સદવિચારો તથા સદકર્મોની દિશામાં વાળવું એ સાચી પ્રગતિ છે. આત્મ-નિયંત્રણ એ બંધન નથી પરંતુ પોતાની જાતને સાચી દિશામાં લઈ જવાની સ્વતંત્રતા છે.

॥ રામ કહા સેવકન્હ બુલાઈ, પ્રથમ સખન્હ અન્હવાવહુ જાઈ ॥

રહના' પૂનામાંથી જે સાડીઓ લીધેલી તે એકદમ સફેદ ન હતી પણ ઝાંખા રંગમાં કેઈ બદામી તે કોઈ ગુલાબી હતી. તે પહેરેલી જોતાં ત્યારે પ્રસન્નતા બતાવતા કહેતા,રમા, સિર્ફ કપડે કી સફેદી કો નહીં દેખના હૃદયકી સફેદીકા ધ્યાન રખના. એવું ન હતું કે સાવ સફેદ કપડાં જ પહેરવાના. પરંતુ બેટી સજાવટ પ્રત્યે તે અણુગમે જ હતા તેથી ઘણીવાર આમ પણ બોલતા સાંભળ્યા છે,

અસલિયત છિપ નહીં સકતી, કભી જૂઠે અસૂલસે ખુશબુ આ નહીં સકતી, કભી કાગજ કે ફૂલેંસે.

એક દિવસ ત્યાંની વ્યવસ્થાના ડરથી ભગવાન પાસે આખો દિવસ ગયેલી જ નહીં. સાંજે દર્શને જતા કહ્યું, તુમ દિનભર કહાં થી ? બિના સંસ્કોચ તુમ આ સકતી હૈ કભી ભી. ઈતિની ડરતી ડરતી રહતી હે મુઝે વિક્ષેપ ન હૈ જાય, દુઃખ ન પહુંચે ? પરંતુ મુઝે કેઈ દુઃખ નહીં હોતા યહ ભ્રાંતિ નિકાલ દો.

'ઘણીવાર સવાર સાંજ કમ્પાઉન્ડમાં વ્હિલ – ચેરમાં ફરવા માટે લઈ જતા ત્યારે ફેટ પાડવામાં આવતા. કેઈ પિતાના કેમેરાથી ફોટા પાડતા હોય તેમાં આપણાથી વચ્ચે ન જવાય તેથી દૂર જતી રહેતી. આજ સુધી કયારેય ભગવાન સાથે મારે એકલીને ફોટો હતો જ નહીં. એક દિવસ જયારે ખુરશી ઊભી રાખવામાં આવી ત્યારે ભગવાને કારણ પૂછયું તે કહ્યું, ફોટા પાડવાના છે. તે સાંભળતા કહ્યું, અચ્છા પહલે રમાકે બુલા લે ઉસકા એક ફોટો મેરે સાથ લો લો બાદમેં તુમ્હેં જિતના ફોટા લેના હે લો લેના.આ રીતે ભગવાને સામેથી બોલાવી ફોટો પડાવ્યો. ભગવાન બોલતા,

ન બચપન રહા, ન જવાની રહી;
ન બુઢાપા પા રહ જાયગા,
યાદગારી કે લિયે ફોટો ફક્ત રહ જાયગા ! – જાયગા !

॥રામ બામદ્રિશિ જાન કી, રમા રૂપગુણ ખાનિ ॥

(૯૨) કૃપાસિંધુ કે મન અતિભાયે

પોષ સુદ દસમના અનંતપુર શ્રી હનુમંત મંદિરનો પાયો શ્રી અરવિંદભાઈને નાના પુત્ર ઋષિકેશના હાથે કરાવવા બાબત કહ્યું દેશ વિષેની ચર્ચાના

અહૈતુક કૃપા

પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)

સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૬૪ ૫૦૩૫૮ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય: પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



પ્રસંગમાં કહ્યું, ચાહે તીન રોજ કે લિયે હી કો ન બને પરંતુ મુરારજી પધાનમંત્રી બનેંગે જરૂર.

પોષ સુદ તેરસને દિવસે ભગવાને એક વ્યક્તિને સંબંધીને કહ્યું, આત્મશ્લાધા જૈસી બાત હૈ પરંતુ તુમમ્હેં ધ્યાન દિલાનેકે લિયે કહતા હું તુમ મુઝે ગલત સમઝે હૈ સિર્ફ સીતારામ પરમહંસ હી તુમને સમજા

પોષ વદ ચોદસના રાત્રે એક બાત કહું થા નહી ? એમ કહી ગત ચાલુ કરી કે,મહારાજા તેખચંદ્ર કે સમયમેં આસામમેં જબ તારક પદ્ધતિ ચલી હી થી તબ એક સાધુ ખૂબ બિમાર હૈ ગયે. ઉને અપને સબ શિષ્યે કે કહા કિ અબ મેં રહેનેવાલે નહીં હું મેરી તિથિ નિશ્વિત હૈ. યહ સુનકર ધીરે ધીરે સબ શિષ્યછટક ગયે તે ઐસા મેરા હાલ કરના નહીં બાબા મેરી તે તિથિ ભી માલૂમ નહીં હે, આ રીતે આ પ્રસંગ કહી કેટલાયને કેવી રીતે ચકાસ્યા હશે તે તે પ્રભુ જ જાણે ભગવાનની વાણું ખૂબ જ ગૂઢ અને અતિ સારમય રહેતી તેમાં શંકા નથી.

અમાસને દિવસે રમણીકભાઈ બેડલાવાળાને સામેથી કહ્યું, દેખે, અબ તુમ સબ અલગ હે જાઓગે તે મુઝે ચિંતા હૈ કિ તુમ દેને ભાઈ જયાદા પઢ હુયે ભી નહીં હૈ, કરેગે કયા ? તુમમ્હારા ગુજારા કૈસે હેગા ? ખેર !! ભગવાન તુમ્હારે હૈ હી. તુમ્હારે પ્રારબ્ધકે બદલ દેંગે ઉસમેં શંકા નહીં હૈ, ત્યારબાદ સવારે રમણીકભાઈ ભગવાનને ઉઠાવવા ગયા ત્યારે એકદમ ખિજાઈને બેલ્યા કે, હુટે, મુઝે પરેશાન કરતે હૈ. એમ કહી બે ત્રણ થપ્પડ તેમના હાથ પર જેર જેરથી મારી લીધી. થોડીવાર પછી કહ્યું, અરે રમણુક ડર ગયે કયા ? તેં એકભાઈએ કહ્યું, અરે ના રે ભગવાન, એમાં તે આપે એના બે ત્રણ જન્મના પાપ કાપી નાંખ્યા હશે.

॥ રામબિલોકનિ બોલનિચલની સુમિરિ સુમિરિ શોચત હૈસિ મિલની ॥

પછી બહાર ફગ્વા નીકળ્યા. ત્યાં બહાર જ પથારી કરાવી પિઢયા ત્યારે ફરી કહ્યું, અરે મુઝે ઈસિક્કી ચિંતા થી કિ યો કયાં કરેંગે ? પરંતુ અબ યો અચ્છે બડે વોત્યારી બન જાયેંગે. પરંતુ દેખે સટ્ટા કભી નહીં કરના. મેં ઈસકા પકાવિરોધી હું હવે પૂના છોડવાનું દિવસે નજીક હતા. ત્યારે એક દિવસ રાત્રે રૂમમાં હું અને વૈષ્ણવદાસજી મહારાજજી બે જ જણાં હતા. આજુબાજુ જેતાં બોલ્યા, દેખે રમા, ભવિષ્યમેં તુમ અપનેકેં અકેલી નહીં માનના. જબ કોઈ સાથ ન દે તબ,

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, તમેવ બંધુશ્વ સખા ત્વમેવે ત્વમેવ વિદ્યા દ્રશું ત્વમેવ, ત્વમેવ સર્વે ભમ દેવું દેવું આ બ્લેક બોલતા કહ્યું, મેં તુમારા સબકુછ હું ?? ?????

આટલું બોલતે ભગવાનની આંખે.માંથી આંસુ વહેતા જેઈ હું પણું રડી પડી. ત્યારે તે ભવિષ્યથી અજાણુ હતી પરંતુ પોતે બરાબર આગળ જતાં આ શબ્દ ચરિતાર્થ કરી બતાવ્યા. આ જ અનુભવના આધારે આજે સમય પસાર થઈ રહ્યો છે.

પૂનામાં છ મહિના રહ્યા બાદ ફાગણ સુદ બીજના દિવસે મુંબઈ આવવા માટે નક્કી થયું તેથી અઠવાડિયા પહેલાં એક ભાઈ પૂછવા આવેલા કે તમારા માટે મુંબઈ જવાની પ્લેનની ટિકિટ કે ટ્રેનની ટિકિટ લાવવી છે. મેં ટ્રેનની ટિકિટ મંગાવી કારણ પૂનાથી મુંબઈ પહોંચતા સુધી જરા પણુ ભગવાનના સેવા સાંનિધ્યને લાભ તે મળવાને હતે નહીં તે હકીકત હતી. આઠ દિવસ બાદ જયારે પૂના છેડવાના હતા ત્યારે તેની આગલી રાત્રે હું મારી સેવા બજાવવા ગઈ ત્યારે તે ભાઈએ મને બહાર બેલાવી કહ્યું, રમાબહેન, તમારે ભગવાન સાથે પ્લેનમાં જવાનું છે. મેં પૂછયું, કેમ ? જવાબ મળે કે, માલિકની આજ્ઞા થઈ પછી કેમ સવાલ નહીં પૂછવાને. તમારે મારી ટિકીટમાં જવાનું છે. પછી જાણવા મળ્યું કે ભગવાને બધાની ટિકીટ વિશે પૂછયું હશે ત્યારે ભગવાન પાસે રહેતી પાંચ બહેનેમાંથી મારી એકની જ પ્લેનની ટિકીટ ન જેતાં કહેલું, મેરે પાસ યહ ભેદ નહીં હૈગા.પાંચ લડકિયેમેસે એક રમે હી મેરે સાથ કેર્યો નહીં ? તેથી આ નિર્ણય લેવાયેલે. આમ પણું ભગવાન ભેદભાવના બહુ જ વિરેધી હતા. દરેક પ્રસંગે સમત્યતા **(ક્રમશ:)**

॥ આયુર્વેદોઅમુતાનામ-૧૦ ॥

॥ શિયાળાનો ખોરાક ॥

મીત્રો દિનચર્યાની આપણી ચાલુ ચર્ચા આગામી બે સપ્તાહ સુધી અટકાવી, આગામી બે સપ્તાહ સુધી આપણે આ ઋતુમાં શુ ખાવું જોઈએ જેથી સ્વાસ્થ્ય જળવાય રહે તેની ચર્ચા કરીશુ.

મીત્રો, શીયાળાનો પ્રારંભ થઈ ગયો છે, આ ઋતુ મુજબ કયો ખોરાક લેવો જેથી આખા વર્ષનું પોષણ ભેગુ કરી શકાય. હોસ્પીટલમાં સારવાર લેવા આવતા મોટા ભાગના દર્દીઓનો હમણા એક જ સવાલ હોય છે, શિયાળામાં શુ ખાવું , બે દીવસ પહેલા એક બહેન તેના ૧૦ વર્ષના બાબાને લઈ દવા લેવા આવ્યા, છોકરો દેખાવમા જ મને ફીકો લાગ્યો , નાકમાંથી પાણી વહેતુ હતુ, ખાવા બાબતે બહુ લાડકાય કરતો હશે એવું લાગ્યુ. બેને મને ફરીયાદ કરી, સાહેબ મારો અમન (નામ બદલાવેલ છે) વારંવાર બીમાર પડે છે, ભણવાનુ બરાબર યાદ નથી રહેતુ. ડોકટર સાહેબને બતાવ્યુ તેમણે એવુ કહ્યુ કે અમનની રોગપ્રતીકારક શક્તી ઓછી છે, એને સારૂ પોષણ વાળુ ખવરાવો, સાહેબ કેમ કરૂ જમવામા બહુ જીદી છે, અમુક વસ્તુ જ ખાય છે. બહેન શાકમાર્કેટથી સીધા મારી પાસે હોસ્પીટલ આવ્યા હશે એવું લાગ્યુ, તેની પાસે થેલીમાં શાકભાજી હતા, તેમાં મને દ્રાક્ષ પણ દેખાણી, મે પુછયુ બેન અત્યારે શીયાળામાં દ્રાક્ષ કેમ લીધી ?, બેન મને કહે સાબ, અમન જામફળ લેવાની જીદ કરતો હતો, પણ એને શરદી બહુ રહે છે એટલે મે જામફળ નો લઈ દીધા.

આ વાત બન્યા પછી મને આ લેખ લખવાનું યોગ્ય લાગ્યુ, બેને દ્રાક્ષ લીધા પછી હુ પણ શાકમાર્કેટ ગયો તો લગભગ દરેક ફ્રુટની લારી પર દ્રાક્ષ હતી. મીત્રો હવે બારેય માસ લગભગ બધા જ પ્રકારના શાકભાજી, ફ્રુટ અને ધાન્ય મળ્વા લાગ્યા છે, પરંતુ દરેક શાકભાજી અને દરેક ફ્રુટ દરેક ઋતુમાં આપણને સાત્મ્ય (શરીરને અનુકુળ) નથી હોતુ. જે ઋતુમાં જે વિશેષ

ડો. ભાવેશ કે. મહેતા
મો.૯૪૨૬૨ ૮૭૯૦૮ / ૮૭૯૯૦૯૯૮૦૭ e-mail:drbkmehtarmo@gmail.com

શાકભાજી – ફળ, ધાન અને તે પણ આપણા વિસ્તારમાં થતુ હોય તેનું અને આપણી પ્રકુતી અને ઋતુ સાત્મ્યની લીધે આપણે ખાઈએ તો આપણને વિશેષ ફાયદાકારક થાય છે,

અમનના મમ્મી એ તેને દ્રાક્ષને બદલે આ ઋતુમાં જો જામફળ લઈ આપ્યા હોત તો વધુ ફાયદાકારક થાત, આવું જ આશ્વર્ય હમણા ભરવાડ(ગોપાલન) જ્ઞાતીના લોકો મારી પાસે પેટ(પાચન ને લગતી), ડાયાબીટીઝ (ટાઈપ-૨)ની ફરીયાદ લઈને આવતા થયા ત્યારે થયુ એમાં પણ નંબરવાળા ચશ્મા પહેરેલ ભરવાડ જ્ઞાતીના યુવકને જોઈ મને ખુબ આશ્વર્ય થયુ, મે તેને પુછયુ કે શુ કામ કરે છે ? તો એનો જવાબ હતો કે ઢોર ચરાવવા જાવ છુ, ત્યારે મને વધુ નવાઈ લાગી કે જે આખો દીવસ ખુલ્લા – પ્રાકુતીક વાતાવરણ માં શુધ્ધ હવા વચ્ચે રહે છે, શુધ્ધ અને પૌષ્ટીક (બાજરાનો રોટલો અને દુધ) ખાય છે તેને આવા પાચન ને લગતા કે ડાયાબીટીઝ કે આંખના રોગો કેમ થવા માંડયા ? આ બાબતે ભરવાડ જ્ઞાતીના એક ખુબજ સન્માનીય આગેવાન સાથે ચર્ચા કરી તેમણે મને જે કહ્યુ તે ખરેખર વિચાર માંગી લે તેવુ છે, મને કહે સાબ પહેલા તો અમારા છોકરાવ ઢોર ચરાવવા જાતા તો એનીમાં એને રોટલા કરી દેતી સાથે થોડી ચા ની ભુકી અને ખાંડ હોય, છોકરાવને ઢોર ચરાવતા ભુખ લાગે ત્યારે રોટલો અને દુધ ખાઈ લે, કયારેક વળી કયાંક તાપણું કરી ચા પી લેતા પણ હવે નવું શીખ્યા છે હવે રોટલા તો લઈ જાય છે પણ ભુખ લાગે તો ઓલા પડીકા (વેફર્સ, નમકીન) અને ગુટકા ખાવા માંડયા છે અને આખો દી ઢોર ચરાવવામાં ધ્યાન નથી હોતુ મોબાઈલમાં મંડાયેલા હોય છે, સાબ પછી આવું જ થાય ને.

આ વાત દરેક સમાજે સમજવાની જરૂર છે, આપણે ખાવાનું ખાતા નથી અને ન ખાવાનું ખાઈએ છીએ. આ જ્ઞાતીનું ઉદાહરણ એટલે લીધું કે ભરવાડ(ગોપાલન) સમાજ સૌથી વધારે પ્રાકુતીક જીવન જીવે છે છતા આવા રોગો આવવા લાગ્યા છે તો બીજા સમાજનું તો પુછવું જ શુ, આવુ જ મારી પાસે આવતા શિક્ષીત લોકોમાં પણ થાય છે મોટાભાગના લોકો પોતાના બાળકોને લઈને અમારી પાસે ભુખ લાગવાની, શક્તિની, વજન વધવાની, યાદ શક્તિ વધવાની દવા લખાવવા આવતા હોય છે, એક વાત આપણે બરાબર સમજી લેવાની જરૂર છે કે સીઝન મુજબના શાકભાજી – ફળ – ધાન્ય જેવું પોષણ આપણને કોઈ દવા ન આપી શકે. મીત્રો આ ઋતુમાં થતા વિશેષ શાકભાજી – ફ્રુટ – ધાનની થોડી ચર્ચા કરીએ.

લીલુ લસણ :– લીલુ લસણ ફક્ત શીયાળામાં જ મળે છે, જેના ફાયદા સામાન્ય લસણ કરતાં પણ વધુ છે, એ શરીરને સમગ્રપણે વિષાણુંમુક્ત (ડિટોકિફિકેશન) કરવામાં મદદ કરે છે, અને પાચન ને સશક્ત કરે છે. લીલા લસણ માં રહેલા એકિટવ કમ્પાઉન્ડ 'એલિસિન' એ કુદરતી એન્ટિબાયોટિક છે જેને લીધે ઈન્ફેકશનથી રક્ષણ મળે છે, આ ખાવાથી શરદી અને ફ્લુથી બચી શકાય છે.

બાજરો:– બાજરો એ એક એવું ધાન્ય છે જે શિયાળામાં ખાવુ જ જોઈએ, બાજરાનો રોટલો,ગોળ અને ઘી જેવો ઉતમ નાસ્તો કોઈ હોઈ ન શકે. બાજરાના લોટમાં લીલું લસણ નાખીને બનાવેલું ઢેબરૂં અને ઓળો જેણે ખાધો હોય એ જ સમજી શકે એનું સુખ, બાજરામાં ખુબ સારૂં પ્રોટીન રહેલું છે, જે પોષણ આપે છે અને શરીરને ગરમાટો પણ આપે છે. વળી તે ખાવાથી લાંબો સમય સુધી ભુખ લાગતી નથી, એમાં રહેલા જરૂરી 'એમીનો એસીડ' લોહીમાં બિનજરૂરી કોલેસ્ટ્રોલ ને દુર કરે છે. જો કે બાજરા સાથે ઘી ખાવુ જોઈએ. બાજરો અને ઘીતમને જાડા નથી બનાવતા પરંતુ, જરૂરી પોષણ અને શકિ આપે છે.

આમળા :– આમળા શિયાળામાં મળતુ એક એવું ફળ છે, જે અત્યંત ઉપયોગી છે.વિટામીનથી ભરપુર આમળા શીયાળામાં જયા સુધી મળે ત્યા સુધી રોજનું એક તો ખાવુ જ જોઈએ. જેમને વાળ અકાળે ખરતા હોય – સફેદ થતા હોય તેના માટે આમળા અકસીર છે. ચામડીના રોગો જેવાકે ખીલ, ડાઘ, કરચલી પડવીમાં ખુબ ઉપયોગી છે , એસીડીટી, ડાયાબીટીઝ, કોલેસ્ટ્રોલ્ની અકસીર દવા છે, આમળા રસાયન ઔષધી તરીકે પણ ખુબ ઉપયોગી છે.

મુળો : મુળો આમ તો બારેમાસ હવે મળે છે, પરંતુ ખરેખરએ શિયાળામાં મળતુ કંદમુળ છે, એમાં ઘણા 'ડાયટરી ફાઈબર્સ, રહેલા છે જેને કારણે પાચન સંબંધિત તકલીફો દુર થાય છે, શિયાળામાં કફત અને શરદીની જે તકલીફ રહે છે અને ખાસ કરીને કફ અંદર જામી જાય છે, એને દુર કરવાની તાકત મુળ ામાં રહેલી છે, આ સિવાય એમાં ' ઝિંક' અને 'ફ્ફોસફરસ' રહેલા છે જેને કારણે સુકી ત્વચા, ખીલ, લાલ ચાંઠા જેવી સમસ્યાઓ પણ દુર થઈ શકે છે. આવતા સપ્તાહે થોડા વધુ શીયાળાના ખોરાક વિશે ચર્ચા કરીશુ.

મર્મ બિંદુ:–આરોગ્ય માટે કેવળ ઉચિત જ નહીં, પણ નરવી જમીનમાં પેદા થયેલો ખોરાક જરૂરી હોય છે **(ક્રમશ:)અસ્તુ..**

'સમજણ એ જ નારાયણ'

પિંજરૂ ખોલીશ તોયે પારધી, હું નહી ઉડું હવે તારા વગર...!

મહેન્દ્ર 'સમીર"

એક જાણીત બાળ વાર્તા છે : સિંહનું નાનકડું બચ્ચું પોતાનાં પરિવારથી છુટું પડીને બકરીઓના ટોળામાં ભળી જાય છે. અને તેની સાથે જ પછી ઉછેર પામે છે. થેંક વર્ષો સુધી બકરીઓની સાથે જ રહેવાથી તે પણ પોતાને બકરી જ સમજવા માંડે છે. અને બકરીઓ જેવું જ વર્તન કરવા લાગે છે ! સરવાળે પોતે પણ સિંહ છે, એવો વિચાર જ તેના મનમાંથી નીકળી જાય છે ! પરિણામે હું આ જંગલના રાજાનું સંતાન છું, એ ખુમારી તેમનામાં જન્મતી જ નથી ! તેની સાથે રહેતી બકરીઓને પણ તેના આ વર્તનથી ખુબ હળવાશ અને અનુકુળતા રહે છે ! એક દિવસ શિયાળ આ દ્રશ્ય જુએ છે. અને ખુબ આશ્વર્ય પામે છે. કે આ વળી કેવું કૌતુક કે ! સિંહનું બચ્ચું શિકારી પ્રાણી હોવા છતાં કેમ બકરીઓને કાંઈ નુકશાન નથી કરતું ? પછી તે જીણવટથી આ બચ્ચનો અભ્યાસ કરે છે. ત્યારે તેને સમજાય છે કે એ પોતાની ઓળખ જ ગુમાવી ચુકયું છે.

યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

શિયાળ તેની નજીક જવા માંડે છે. તેની અસલ ઓળખ આપે છે. તેને ડણકવાનું કહે છે, પણ બચ્ચું આ બધી વાતો માનવા તૈયાર જ નથી થાતું ! એક દિવસ શિયાળ તેને નદી કાંઠે લઈ જઈ, પાણીમાં તેનું પ્રતિબિંધ દેખાડે છે. ત્યારે એ બચ્ચાને ભાન થાય છે કે, હું ખરેખર બકરી નથી. પણ સિંહ જ છું. તે ગર્જના કરે છે. અને પછી બકરીઓનાં ઝુંડમાથી ભાગી છુંટે છે.!

વાત સરળ છે, છતાં માર્મિક છે. આપણું માણસ જાત પોતે પણ ઈશ્વરના જ સમર્થધણીના સંતાનો છીએ એ વાત કયાં આપણને યાદ રહી છે ? અને માનો કે યાદ છે, તો એનું ગૌરવ, ગરિમાં કયાં ?! અને માનો કે યાદ છે, તો એનું ગૌરવ, ગરિમા કયાં ? સ્વાર્થ, લાલચ હુંસાતુંસી, મારૂ – તારૂ, કપટ, કાવાદાવા છેતરપીંડી, દેખાડો દગો, જેવા અને અનેક પિંજરાઓમાં અને બીબાઓમાં આપણે કયાં જાતને નથી ફીટ કરી દીધી ?

સ્વાધ્યાય પરિવારના પ્રણેતા પૂ. પાંડુરંગ દાદાજી મનુષ્યનું ગૌરવ યાદ કરાવતાં આ જ વાત કહે છે કે, હું ઈશ્વરનું સંતાન છું. એ કાયમ મારી સાથે, મારી અંદર જ બીરાજમાન છે. આટલું મોટું આશ્વાસ, અને ગૌરવ આપણે સાવ સહેલાઈથી ભુલી જઈએ એ જ મોટો અનર્થ કર્યો ગણાય! વૃતિઓનાં પિંજરાઓ છોડવા જ રહયાં !! તોડવા જ રહયાં. ॥

સ્પાર્ક : પિંજરામાંથી પંખીને આઝાદ કરવું આસાન છે, પણ પંખીનાં હૃદયમાંથી પિંજરાને કાઢવું અઘરૂ છે.

ગાંઠિયા થી મખાના સુધીઃ ખોરાકનો બદલાતો સ્વાદ

ગુજરાતી માણસ અને

નથી.ગુજરાતના પરંપરાગત નાસ્તાના એનો ચટપટો નાસ્તો આ બંનેને કોઈ અલગ ન કરી શકે. સવારે ઊઠતાંની સાથે જ ગરમાગરમ ગાંઠિયા, જલેબી, તળેલી પાપડી અને બપોર પછી ચા સાથે સેવ – મમરા કે તળેલા ફરસાણ વિના આપણો દિવસ પૂરો ન થાય. પરંતુ જો તમે છેલ્લાં બે – ત્રણ વર્ષોમાં ગુજરાતના નાના–મોટા શહેરો, મોલ કે કરિયાણાની દુકાનોમાં નજર કરી હોય, તો એક સાયલન્ટ ક્રાંતિ જોવા મળશે. જે ઘરોમાંવર્ષોથી માત્ર ફરાળ પૂરતા મખાના આવતા હતા, ત્યાં આજે ટીવી જોતાં – જોતાં કે ઓફિસના ટેબલ પર ગાંઠિયા અને વેફર્સનું સ્થાન ધીમે ધીમે સફેદ, હળવાફૂલ મખાનાએ લઈ લીધું છે!આ કોઈ નાનો ફેરફાર ટેબલ પર છેલ્લાં બે વર્ષમાં મખાના જે ઝડપે છવાઈ ગયા છે, તે દર્શાવે છે કે આપણા સમાજમાં સ્વાસ્થ્ય,આહાર અને જીવનશૈલીને લઈને એક મોટો વૈચારિક પલટો આવી રહ્યો છે. તળેલા ફરસાણથી થાકેલું શરીર અને 'ગિલ્ટ–ફ્રી' નાસ્તો, ગુજરાત ખાવાપીવાનો શોખીન પ્રદેશ છે, પણ સાથે જ ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર અને હૃદયરોગના આંકડાઓમાં પણ આપણે પાછળ નથી. છેલ્લાં થોડાં વર્ષોમાં ખાસ કરીને કોરોના પછી, સામાન્ય માણસને એ સમજાવા લાગ્યું છે કે તેલથી નીતરતા તળેલાં ફરસાણ રોજ ખાવા શરીર માટે કેટલાં જોખમી છે.આવા સમયે નવી પેઢી અને પરિવારો માટે મખાના એક વરદાન બનીને આવ્યા. જીભનો ચટપટો સ્વાદ પણ જળવાઈ રહે અને શરીરમાં બિનજરૂરી કેલરી કે ખરાબ કોલેસ્ટ્રોલ પણ ન જાય. ઘીમાં સહેજ શેકીને હળ દર, સિંધવ મીઠું કે મરી પાવડર નાખી દો એટલે કાઠિયાવાડી જીભને માફક આવે તેવો કડકડતો નાસ્તો તૈયાર.

કૌલ્શિયમ, પ્રોટીન અને ફાઈબરથી ભરપૂર હોવાને કારણે તે વડીલોના સાંધા માટે અને બાળકોના હાડકાં માટે દવા જેવું કામ કરે છે. પરિણામે, રાજકોટથી લઈને સુરત અને અમરેલીથી લઈને અમદાવાદ સુધી, વજન ઘટાડવા મથતા યુવાનોથી માંડીને બ્લડપ્રેશરવાળા વડીલોના ડબ્બામાં મખાના કાયમી સભ્ય બની ગયા છે.

વેપાર અને બ્રાન્ડિંગનું અર્થશાસ્ત્ર : સાદા મખાના પર ફલેવરનો રંગ ગુજરાતી પ્રજા વેપાર પારખવામાં પાકી છે. છેલ્લાં બે વર્ષમાં જેવો આ ટ્રેન્ડ પકડાયો કે તરત જ સ્થાનિક વેપારીઓ અને સ્ટાર્ટઅપ્સે પણ આમાં ઝંપલાવ્યું. પહેલાં જે મખાના માત્ર કાચા મળતા હતા, તે હવે પેરી–પેરી, પુદીના, ચીઝ અને ટોમેટો જેવા આધુનિક ફલેવર્સમાં પેક થઈને મળવા લાગ્યા. જે સામાન્ય ખેડૂત પેદાશ હતી, તેને પ્રોસેસિંગ અને આકર્ષક પેકિંગ આપીને એક નવો ઉદ્યોગ ઊભો થયો. પરંતુ અહીં એક સાવચેતી રાખવા જેવો મુદ્દો પણ છે. મખાના મૂળ ભૂત રીતે સુપરફૂડ છે, પણ જયારે કંપનીઓ તેને અતિશય પામ ઓઈલ, કૃત્રિમ કેમિકલ ફલેવર્સ અને વધારે પડતા સોડિયમ સાથે પેકેટમાં વેચે છે, ત્યારે એનું અસલી અમૃત પાછું ઝેર બની જાય છે. સાચો ફાયદો એને સાદા લાવીને ઘરમાં દેશી ગાયના ઘીમાં શેકીને ખાવામાં છે, પેકેટવાળા કેમિકલ સ્વાદમાં નહીં. **બદલાતા ખોરાકમાંથી શીખવા જેવો જીવન વિવેકઃ** જાગૃતિનું સ્વાગત(Health Conscious Mindset): ખોરાક બદલવો એ માત્ર ફેશન નથી, પણ જીવન બચાવવાની જરૂરિયાત છે. તેલ – મેંદો ઘટાડીને કુદરતી અનાજ અને મખાના જેવા હળવા વિકલ્પો અપનાવવાએ સ્વાસ્થ્ય તરફનું ઉત્તમ પગલું છે.**ઘરગથ્થુ સ્વાદ શ્રેષ્ઠ :** બજારના મોંઘા ફલેવર્ડ પેકેટસ પાછળ આંધળા ખર્ચા કરવાને બદલે ઘરમાં જ સાદા મખાના શેકીને ખાવાની દેશી પદ્ધતિ અપનાવો.**નવા પ્રવાહ સાથે અનુકૂલનઃ** સમાજ જયારે સ્વાસ્થ્ય પ્રત્યે સભાન બને ત્યારે જૂની જીદ છોડીને સારી આદતો અપનાવવી એ જ સાચી પ્રગતિ છે.**આહાર એ જ આયુષ્યઃ** આપણે શું કમાઈએ છીએ તેના કરતાં રોજ પેટમાં શું નાખીએ છીએ, તેના પર આપણું આયુષ્ય અને સુખ નિર્ભર કરે છે. જીવનમાં સ્વાદ પણ જરૂરી છે અને સ્વાસ્થ્ય પણ; બંને વચ્ચેનું સંતુલન જ સાચી સમૃદ્ધિ છે. 'જીભના ચટાકા પાછળ દોડયોએ દવાખાને પહોંચ્યો, અને જેણે વિવેકથી આહાર પસંદ કર્યો, આખું જીવન નિરોગી જીવ્યો ! 'આ રવિવારે, આપણા ઘરના ડબ્બાઓમાંથી હાનિકારક જંકફૂડને વિદાય આપીને, સ્વાસ્થ્યપ્રદ દેશી આહારને રોજિંદા જીવનમાં કાયમી સ્થાન આપવાનો સંકલ્પ કરીએ.

અમરેલીમાં એક પરિવારનાં ઘરનાં બેડરૂમમાં પીપળાનું વૃક્ષ આસ્થાનું કેન્દ્ર બન્યું

અમરેલી શહેરમાં એક પરિવારના ઘરના બેડરૂમમાં વર્ષોથી વિશાળ પીપળાનું વૃક્ષ આસ્થાનું અનોખું કેન્દ્ર બન્યું છે. પરિવારના જણાવ્યા મુજબ આ પીપળો આશરે ૧૦૦થી ૧૫૦ વર્ષ જૂનો છે. સામાન્ય રીતે પીપળાનું વૃક્ષ બહાર અથવા મંદિરોની આસપાસ જોવા મળે છે, પરંતુ અમરેલીમાં આ પરિવારના ઘરની અંદર જ વિશાળ પીપળો જોવા મળતા લોકોમાં પણ કુતૂહલ જોવા મળી રહ્યું છે.પરિવારજનો જણાવે છે કે, આ પીપળાની સૌથી મોટી વિશેષતા એ છે કે તેના વિવિધ ભાગોમાં ધાર્મિક સ્વરૂપો જેવી આકૃતિઓ જોવા મળે છે. પરિવારના મતે પીપળ ામાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણેયના દર્શન થાય છે. પીપળાના મૂળના ભાગમાં બ્રહ્માનું સ્વરૂપ જોવા મળતું હોવાનો પરિવારનો દાવો છે, જયારે થડની અંદર જમણી સૂંઢવાળા ગણપતિનું સ્વરૂપ પણ દેખાય છે.પરિવારનું કહેવું છે કે પીપળાના થડનો આકાર એટલો વિશાળ છે કે તેને હાથથી સંપૂર્ણ રીતે ઘેરી શકાય તેમ નથી. વૃક્ષના અલગ – અલગ ભાગોમાં કુદરતી રીતે બનેલી રચનાઓને તેઓ ધાર્મિક આસ્થા સાથે જોડે છે. પીપળાની છાલનો રંગ પણ પીળાશ પડતો હોવાનું જણાવવામાં આવે છે.આ પીપળાને ભાલકા તીર્થ સાથે જોડાયેલી પરંપરાગત માન્યતા સાથે પણ પરિવાર જોડે છે. પરિવારના જણાવ્યા મુજબ કેટલાક વિદ્વાનો દ્વારા ભાલકા તીર્થના પીપળા સાથે આ પીપળ ાના વંશને જોડાયેલી વાત કરવામાં આવી હોવાનું કહેવાય છે. જો કે, આ બાબત ઐતિહાસિક રીતે પ્રમાણિત છે કે નહીં તે અંગે અલગથી સંશોધન જરૂરી છે.હિંદુ ધર્મમાં પીપળાના વૃક્ષનું વિશેષ ધાર્મિક મહત્વ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના દસમા અધ્યાયના ૨૬મા શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા 'વૃક્ષોમાં હું પીપળો છું' એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ શ્લોકને કારણે પણ પીપળાને ધાર્મિક દષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.આ વૃક્ષની બીજી એક અનોખી વિશેષતા તેના પાંદડાંહોવાનુંપરિવાર જણાવે છે. સામાન્ય પીપળાના પાંદડાંની સરખામણીએઆ પીપળાના પાનની કિનારી કરકરી પ્રકારની જોવા મળે છે. પરિવારના મતે આ લક્ષણ તેને અન્ય પીપળાના વૃક્ષોથી અલગ બનાવે છે.આમ, અમરેલીના આ ઘરમાં આવેલો વિશાળ પીપળો માત્ર એક વૃક્ષ નહીં પરંતુ પરિવારની શ્રદ્ધા, પરંપરા અને કુદરતી રચનાઓ સાથે જોડાયેલી અનોખી કહાની બની ગયો છે. વૃક્ષની ઉંમર, વંશ અને ધાર્મિક આકારો અંગેના દાવાઓ પરિવારની માન્યતા પર આધારિત છે.

બાબરાનાં સ્વદેશી મેળામાં ૯ દિવસ સુધી સાંસ્કૃતિક કાર્યક્રમોની ધમાલ, લોકડાયરામાં કલાકારોએ જમાવટ કરી

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં નગરપાલિકા દ્વારા આયોજિત નવ દિવસીય સ્વદેશી મેળામાં શહેરવાસીઓનો ઉત્સાહભેર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. મેળામાં વિવિધ પ્રકારની સ્વદેશી ચીજવસ્તુઓના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે, જયાં દિવસ દરમિયાન તેમજ રાત્રિનાં સમયે મોટી સંખ્યામાં શહેરીજનો મુલાકાત લઈ ખરીદી કરી રહ્યા છે. સ્થાનિક વેપારીઓ, કારીગરો અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાનાં હેતુથી યોજાયેલા આ મેળામાં રોજેરોજ લોકોની ભીડ ઉમટી રહી છે. મેળાના નવ દિવસ દરમિયાન નગરપાલિકા દ્વારા રાત્રિનાં સમયે વિવિધ મનોરંજક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસે નંદા મહારાજની ભવ્ય સંતવાણી યોજાઈ હતી, જયારે બીજા દિવસે બાબરા શહેરનાં જૂના જાણીતા જાદુગર જોલીદાદા દ્વારા જાદુનાં શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત લોકડાયરામાં હાસ્ય કલાકાર મનસુખભાઈ ખીલોરીવાળા સહિતનાં કલાકારોએ પોતાની આગવી રજૂઆતથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા અને લોકડાયરામાં જમાવટ કરી હતી. દરમિયાન જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, જિલ્લા ભાજપ મહામંત્રીઓ રાજુભાઈ ભુતૈયા અને મયુરભાઈ માંજરીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તથા પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાનાં ઉપાધ્યક્ષ ભૂપેન્દ્રભાઈ બસિયાએ સ્વદેશી મેળાની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમણે વિવિધ સ્ટોલની મુલાકાત લઈ ખરીદી પણ કરી હતી અને સ્વદેશી ચીજવસ્તુઓના ઉપયોગ તથા સ્થાનિક વેપારીઓને પ્રોત્સાહન આપવા અનુરોધ કર્યો હતો. મેળાનાં રાત્રિનાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાનાં ઉપાધ્યક્ષ ભૂપેન્દ્રભાઈ બસિયા, શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ખખ્ખર, મહામંત્રીઓ ધર્મેશભાઈ વાવડીયા અને રમેશભાઈ સાંગડિયા, નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડીયા, ઉપપ્રમુખ યજ્ઞેશભાઈ શુકલ, કારોબારી સમિતિનાં ચેરમેન ભરતભાઈ રંગપરા, નિલેશભાઈ શિયાણી, કિરીટભાઈ પરવાડીયા, પ્રવીણભાઈ કરકર, અંકુરભાઈ જસાણી, હરેશભાઈ આખજા, જગદીશભાઈ વાવડીયા, યાજ્ઞિકભાઈ ધાંધલ, જયકિશન શેલિયા, સાગરભાઈ સાવલિયા, અશ્વિનભાઈ મકવાણા, મનિષભાઈ મકવાણા, કલ્પેશભાઈ ભુવા, ભુપતભાઈ બસિયા, વિજયભાઈ રાઠોડ, કરીમભાઈ કોટડીયા, અલ્તાફભાઈ ગોગદા, હારૂનભાઈ મેતર સહિતનાં સ્થાનિક ભાજપનાં અગ્રણીઓ, હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું રૂપિયા ૩૬.૮૯ લાખની છેતરપીંડી

૧૯/૬/૨૬થી તા. ૨૯/૭/૨૬ દરમિયાન અવાર નવાર વ્હોટએપ કોલ કરી અને કોરા ટ્રેડ ફાયનાન્સ પ્લેટફોર્મમાં સ્ટોકમાં રોકાણ કરવાનો ભરોસો અને વિશ્વાસ આપી અને મહિલાનાં બચતનાં કુલ રૂપિયા ૩૬,૮૯,૮૬૦ અલગ અલગ બેન્ક એકાઉન્ટમાં અલગ અલગ તારીખે ટ્રાન્સફર તથા આર.ટી.જી.એસ. કરાવી લઈ અને તે પૈસા તથા તેના પર મળેલા નફાનાં રૂપિયા આ આરોપીઓએ ફાયનાન્સ મેનેજર તરીકે ફરજ બજાવતા મહિલાને પરત નહી આપી તમામ પૈસા ઓળવી જઈ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફાયનાન્સ મેનેજર સાથે ઓનલાઈન વિશ્વાસઘાત, છેતરપીંડી કર્યાની મહિલાએ પોલીસે ફરિયાદ નોંધાવી છે.

પાના ૮ ઉપરનું ચાલું બાબરા : માર્કેટયાર્ડમાં ખુલ્લામાં પડેલ

દોઢ દાયકાનું શાસન રહ્યું પણ ખેડૂતોને કમોસમી વરસાદ જેવી પરિસ્થિતિમાં ખેડૂતોના માલને નુકસાન ન થાય તે માટે યોગ્ય વ્યવસ્થા ઊભી કરી નહિ અને આવી કુદરતી આફત સામે ખેડૂતો, વેપારીઓ લાચાર બની નુકસાન સહન કરવાની ફરજ પડે છે. હવે યાર્ડમાં જુના શાસકોના શાસનનો અંત આવ્યો છે અને નવી બોડી ખેડૂતો માટે અને વેપારીઓ માટે નવી સવલતો ઉભી કરે જેથી આગળ કોઈ ખેડૂતો કે વેપારીઓને પોતાના માલ સમાનનું આર્થિક નુકસાન સહન કરવાની ફરજ ન પડે.

કુદરતના આ અણધાર્યા મારથી જગતના તાતની આખા વર્ષની મહેનત પર પાણી ફરી વળ્યું છે. મહેનતથી તૈયાર કરેલો પાક વેચવા આવેલા ખેડૂતોની હાલત કફોડી બની છે અને હાથમાં આવેલો કોળિયો પણ કુદરતના કહેરથી છીનવાઈ જતાં ખેડૂતોમાં ચિંતા અને નિરાશા જોવા મળી રહી છે.

અવસાન નોંધ

અમરેલી : ધોરાજી નિવાસી સાઠોદરા નાગર બ્રાહ્મણ ગં.સ્વ. મંજુલાબેન કવીર (ઉં.વ. ૯૬) તે સ્વ. હર્ષદરાયના ધર્મપત્ની, પિયુષભાઈ, પિનાકિનભાઈ, નલિનીબેન વસાવડા (રાજકોટ)ના માતુશ્રીનું તા. ૩૧ને શનિવારના અવસાન થયું છે. સદગતનું ઉઠમણું (બેસણું) તા. ૨ ને સોમવારે સાંજના ૪ થી ૫:૩૦ સુધી સમસ્ત બ્રહ્મ સમાજની વાડી, બગીચા પાસે, સ્ટેશન પ્લોટ, ધોરાજી ખાતે રાખેલ છે.

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૩૫૫	૧૫૦૫
૨	ગિરનાર શીંગ	૧૧૮૫	૧૫૭૫
૩	શિંગ મોટી	૧૨૦૦	૧૬૫૦
૪	તલ સફેદ	૨૨૩૦	૩૫૬૦
૫	તલ કાળા	૨૩૫૦	૪૧૭૫
૬	તલ કાશ્મીરી	૨૭૮૦	૨૭૮૦
૭	બાજરો	૩૭૫	૫૮૦
૮	જુવાર	૫૫૫	૧૮૭૫
૯	ઘઉં ટુકડા	૫૩૦	૭૦૦
૧૦	ઘઉં લોકવન	૫૯૦	૬૬૦
૧૧	મકાઈ	૪૬૦	૬૬૦
૧૨	મગ	૧૩૨૫	૨૧૨૫
૧૩	અડદ	૧૦૨૦	૧૯૦૦
૧૪	ચણા	૧૦૦૦	૧૪૬૫
૧૫	સફેદ ચણા	૧૩૭૦	૧૪૫૦
૧૬	વટાણા	૯૭૦	૯૭૦
૧૭	તુવેર	૧૫૦૦	૧૭૯૦
૧૮	વાલ	૧૪૧૫	૧૪૧૫
૧૯	કપાસ	૧૦૯૦	૧૯૨૫
૨૦	એરંડા	૧૪૧૫	૧૫૬૫
૨૧	જીરૂ	૨૮૪૦	૫૦૮૦
૨૨	ધાણી	૨૫૦૦	૨૭૫૦
૨૩	મેથી	૧૨૫૦	૧૪૨૦

પાના ૮ ઉપરનું ચાલું કમોસમી વરસાદથી નુકસાન

મગફળીનાં પથારા રાખીને યાર્ડમાં લઈ જવાની તૈયારી કરતા ખેડૂતો માટે આફત બનીને આવેલા વરસાદે ખેડૂતોની મુસીબતમાં વધારો કર્યો છે ને ખાંભા ગીરનાં ગામડાઓ અને વડિયા પંથકમાં ખેડૂતોને મો માં આવેલો કોળીયો છીનવાઈ ગયો હોવાની હૈયાવરાળ ખેડૂતોએ ઠાલવી હતી.

ગઈકાલે દોઢેક ઈંચ વરસાદ પડવાને કારણે મગફળી (માંડવી)નો પાક બગડી ગયો છે અને માંડવી કાળી પડી ગઈ છે અને કાલે વરસાદમાં મગફળીનાં પાથરા પલળી ગયા હતા, જેને આજે સવારે ભેગા કરવાની મજૂરી કરવી પડી હતી. જયારે પાક ખરાબ થવાને કારણે બજારમાં તેના ભાવ ઓછા મળશે (લગભગ ૧૦૦–૧૫૦ રૂપિયા ઓછા), જેનાથી ચાર મહિનાની મહેનત પાણીમાં ગઈ હોય તેવું લાગી રહ્યું છે. વાડીમાં પિયત માટે પૂરતું પાણી નથી, માત્ર પીવા પૂરતું જ પાણી ઉપલબ્ધ છે. ત્યારે ખેડૂતોની દશા કફોડી બની છે.

અમરેલી જીલ્લામાં દુષ્કાળ જેવી પરિસ્થિતિ હોવા છતાં કુવા અને બોરમાંથી માંડ માંડ પાણી પાઈને તેમણે મગફળી (માંડવી)નો પાક બચાવ્યો હતો. પણ ગઈકાલે અચાનક સાંજે વાવાઝોડું અને પોણા બે ઈંચ જેટલો વરસાદ ત્રાટકવાથી ખેતરમાં બધું ખેદાન–મેદાન થઈ ગયું છે. વરસાદ પડવાને કારણે મગફળીનાં પાથરા અને પશુઓ માટેનો ઘાસચારો (પાલો) સડી ગયો છે. જેનાથી મગફળી કાળી પડી ગઈ છે અને ડેમેજ થવાને કારણે તેના ભાવ અડધા (૫૦%) થઈ જશે. ત્યારે ચાર મહિનાની સખત મહેનત અને મુશ્કેલીઓ બાદ પાક તૈયાર કર્યો હતો, ત્યારે કુદરતી આફતનાં આ સમયે સરકારે રાહત પેકેજ કે સહાયની જાહેરાત કરવી જોઈએ તેવી ખેડૂત દ્વારા માંગ કરવામાં આવી છે.

વડિયા

સમગ્ર દેશમાંથી ચોમાસાએ વિદાઈ લીધી છે ત્યારે ૩૦મી તારીખે રાત્રે ૮ વાગ્યાથી ૯ વાગ્યાનાં એક કલાકમાં વડિયા અને આસપાસના ગ્રામીણ વિસ્તારમાં વીજળીનાં કડાકા ભડાકા અને પવન સાથે અનરાધાર ૧.૫ ઈંચ વરસાદ ખાબકતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હતા. હાલ વડિયા વિસ્તારમાં ખેડૂતોના ખેતરોમાં મગફળી, કપાસ અને સોયાબીનનાં પાક તૈયાર થઈ ચુકયા છે. ત્યારે મગફળીનાં પાથરા પલળતા ખેડૂતોને મોઢે આવેલો કોળિયો છીનવાતો જોવા મળ્યો હતો. આ સાથે ખેડૂતનાં ખેતરમાં રહેલો મગફળીનો પાલો પલળતા પશુપાલકો પણ ચિંતીત બનતા જોવા મળ્યા હતા. ત્યારે નબળા વર્ષમાં ખેડૂતો મુશ્કેલીમાં છે ત્યારે કમોસમી વરસાદથી ખેડૂતોની મુસીબતમાં વધારો થયો છે ત્યારે ખેડૂતો હાલ મગફળી, કપાસ અને સોયાબીનનાં પાકમાં મોટા પ્રમાણમાં નુકશાની સહન કરવાનો વારો આવ્યો છે. ત્યારે સરકાર પાસે સહાયની મીટ માંડીને બેઠા છે. ત્યારે આવનાર સમયમાં સરકાર આ બાબતે કોઈ નિર્ણય લે છે કે નહિ તે તો આવનારો સમય જ બતાવશે. રાત્રીનાં સમયે આવેલાં વરસાદે નદીઓની જેમ શેરીઓમાં પાણી વહાવ્યા હતા અને ખેડૂતોને પારાવાર નુકશાની થતી જોવા મળી હતી.

શ્રી રાજુલા લુહાર જ્ઞાતિ વિદ્યાર્થી ગૃહ અને સેનેટોરિયમ–રાજુલા

ટ્રસ્ટ રજી.નં.એ/૮૫૮/અમરેલી

(SHRI RAJULA LUHAR GNATI VIDHYARTHI GRUH & SENETORIUM)
BEHIND OLD RAILWAY STATION RAJULA CITY - 365560

જાહેર નોટિસ

તા.૩૧/૧૦/૨૦૨૬

શ્રી રાજુલા લુહાર વિદ્યાર્થી ગૃહ અને સેનેટોરિયમ–રાજુલા, ટ્રસ્ટ રજી.નં.એ/૮૫૮/અમરેલી તથા રાજુલા લુહાર રામજી મંદિર ટ્રસ્ટ રાજુલા, ટ્રસ્ટ રજી.નં.એ/૧૩૩૦

આથી રાજુલાના લુહાર સમાજનાં તમામ નાતિલાઓને જાણ કરવામાં આવે છે કે, શ્રી રાજુલા લુહાર વિદ્યાર્થી ગૃહ અને સેનેટોરિયમ ટ્રસ્ટ તથા રાજુલા લુહાર રામજી મંદિરની સામાન્ય સભા તા.૦૨/૧૧/૨૦૨૬ ને સોમવારનાં રાત્રીના ૯:૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

મિટીંગનું સ્થળ : રાજુલા લુહાર રામજી મંદિર, જવાહર રોડ, તા. રાજુલા, જી. અમરેલી

(લિ.)
શ્રી રાજુલા લુહાર વિદ્યાર્થી ગૃહ અને સેનેટોરિયમ ટ્રસ્ટ વતી તથા રાજુલા લુહાર રામજી મંદિર ટ્રસ્ટ વતી સમસ્ત રાજુલા લુહાર સમાજ

લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૪૪	૧૯૨૦

પાના ૧ ઉપરનું ચાલું ''રન ફોર યુનિટી'' માર્ચ યોજાઈ

ચેરમેન દિલીપભાઈ સંઘાણી પણ જોડાયા હતા.

રન ફોર યુનિટી માર્ચમાં અમરેલી નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, જિલ્લાના અગ્રણી અતુલભાઈ કાનાણી, અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલીયા તેમજ સહકારી ક્ષેત્રના અગ્રણી ભાવનાબેન ગોંડલીયા સહિતના પદાધિકારીઓ અને રાજકીય–સામાજિક અગ્રણીઓ, હોદ્દેદારો ઉપરાંત જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી કે.જે. જાડેજા અને જિલ્લા પોલીસ વડા સંજય ખરાત સહિતના ઉચ્ચ અધિકારીઓ, અમરેલી પોલીસના જાંબાઝ જવાનો, ડિસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલના ઊર્જાવાન રમતવીરો, સરકારી કર્મચારીઓ તેમજ બહોળી સંખ્યામાં રાષ્ટ્રપ્રેમી નાગરિકો અને ભાઈ–બહેનોએ 'રન ફોર યુનિટી' માર્ચમાં સહભાગી થઈ સમગ્ર અમરેલી શહેરને રાષ્ટ્રભકિતના રંગે રંગી દીધું હતું.

:: જાહેર નોટિસ ::

આથી જાહેર જનતા તથા લાગતા–વળગતા તમામ લોકોને અમો નીચે સહી કરનાર **શ્રી નવનીતરાય હરીલાલ રાજપરા**, રહેવાસી : અમરેલીનાઓ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે,

૧ અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના મોજે ગામ પ્રતાપરાની સીમમાં આવેલ ખેતીની જમીન, જેના ખાતા નં. ૧૬૩૭૯, રેવન્યુ સર્વે નં. ૨૮/૧, જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૦–૮૦–૯૪ તથા જેનો આકાર રૂા.૫–૩૪ પૈસા છે, તે જમીન અમો **શ્રી નવનીતરાય હરીલાલ રાજપરા**ની સંપૂર્ણ સ્વતંત્ર માલિકી, કબ્જા અને ભોગવટાની આવેલી છે.
સદરહું મિલ્કત/જમીન ખરીદ કરવા બાબતે (૧) તનવીરબેન મહમદજુબેર અજમેરી તથા

૨ (૨) હમીદભાઈ બાબુભાઈ સૈયદ સાથે અમોએ તારીખ ૦૪/૦૮/૨૦૨૬ના રોજ ૯૦ દિવસની મુદ્દતવાળુ વેચાણ અંગેનું બાનાખત કરી આપેલું હતું.

૩ ત્યાર બાદ, સદર ખરીદનારાઓ દ્વારા તારીખ ૨૮/૧૦/૨૦૨૬ ના રોજ અખબાર/ વર્તમાનપત્ર માફરતે સદર જમીન અંગે અન્ય કોઈએ કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરવો તે મતલબની જાહેર નોટિસ પ્રસિદ્ધ કરવામાં કરવામાં આવેલી હતી.

૪ સદર બાનાખત કર્યા બાદ બંને પક્ષકારો વચ્ચે આપસી સમજૂતી અને પરસ્પર સંમતિ થતાં, સદર વેચાણ વ્યવહાર આગળ ન ચલાવવાનું નક્કી કરી, તારીખ:૦૪/૦૮/૨૦૨૬ના રોજ થયેલું બાનાખત પરસ્પર સંમતિથી સંપૂર્ણપણે રદબાતલ ઠરાવવામાં આવેલ છે. તે અંગેનું વિધિવત 'બાનાખત રદ કર્યાનો લેખ' તારીખ:૩૦/૧૦/૨૦૨૬ ના રોજ બંને પક્ષકારોની રૂબરૂ ઉપસ્થિતિમાં યોગ્ય રીતે નોટરાઈઝડ થયેલ છે.

૫ સદર બાનાખત રદ કરાર અન્વે હિસાબ–કિતાબની પતાવટ કરવામાં આવેલ છે. અને ખરીદનાર પક્ષકા(૧) તનવીરબેન મહમદજુબેર અજમેરી કે (૨) હમીદભાઈ બાબુભાઈ સૈયદ ને બાના પેટેની રકમ RTGS મારફતે પરત ચુવી દેવામાં આવેલ છે. આથી, સદર જમીન અંગે તારીખ ૦૪/૦૮/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ બાનાખતના આધારે હવે પછીથી (૧) તનવીરબેન મહમદજુબેર અજમેરી કે (૨) હમીદભાઈ બાબુભાઈ સૈયદનો આ જમીન પરત્વે કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો કે અધિકાર બાકી રહેલ નથી અને સદર બાનાખત કાયદાકીય રીતે રદબાતલ ઠરાવવામાં આવેલ છે.

૬ આથી આ જાહેર નોટિસ મારફતે તમામ જનતાને ચેતવણી આપવામાં આવે છે કે, સદર જમીન અંગે તારીખ ૦૪/૦૮/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ બાનાખત ની વિગતે ખરીદનારાઓ દ્વારા આપવામાં આવેલ તારીખ ૨૮/૧૦/૨૦૨૬ ની અગાઉની જાહેર નોટિસ રદ ઠરાવવામાં આવે છે અને તેના આધારે કોઈએ પણ કોઈપણ પ્રકારનો વેચાણ, બાનાખત, ગીરો, ભાડાપટ્ટો, બોજો કે નાણાકીય લેવડ–દેવડનો વ્યવહાર કરવો નહીં, તેમ છતાં જો કોઈ વ્યકિત સદરહું રદ થયેલ બાનાખત ને આધારે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે તો તે અમોને બંધનકર્તા રહેશે નહીં અને તેવો વ્યવહાર ગેરકાયદેસર અને રદબાતલ ગણાશે.

૭ આમ, સદર જમીન સંપૂર્ણ રીતે ચોખ્ખી અને ટાઈટલ કલીયર છે અને અન્ય કોઈ વ્યકિતઓ સાથે કોઈપણ પ્રકારનો કરાર થયેલ નથી અને ઉપરોકત વર્ણવેલ જમીન અમો નવનીતરાય હરીલાલ રાજપરાની સ્વંતત્ર માલીકી કબ્જા ભોગવટાની આવેલી છે. જે મુજબની હકીકત અમો હાલની આ નોટિસથી જાહેર કરીએ છીએ.

તા.૩૧/૧૦/૨૦૨૬ **જાહેર કરનાર**
સ્થળ : અમરેલી **નવનીતરાય હરીલાલ રાજપરા**

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૨૩	૧૯૦૦
૨	મગફળી	૧૩૦૦	૧૪૫૦
૩	ચણા	૧૩૯૦	૧૩૯૦
૪	તલ કાળા	૩૮૧૦	૩૮૧૦
૫	સોયાબીન	૧૩૦૧	૧૩૫૦
૬	ઘઉં	૫૨૬	૫૨૬
૭	મગ	૧૮૦૦	૧૮૦૦

ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

આથી અમો જાહેર કરનાર **શ્રી કિશન કુકડિયા**, ઓફિસ એડ્રેસ : રાજકોટ ભાવનગર હાઈવે, બાબરા પોલીસ સ્ટેશન સામે, તાલુકોઃ બાબરા, જીલ્લો અમરેલી, અમારા અસીલ **શ્રી હિતેશભાઈ રવજીભાઈ ચોવટીયા** રહે. રાજકોટની સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટિસ આપી લાગતા વળગતાને જણાવીએ છીએ કે..

સદરહું ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના **બાબરા તાલુકા**ના મોજે : **બાબરા** ગામના ખેડૂત ખાતેદાર **શ્રી દિલીપભાઈ હંસરાજભાઈ ગેલાણી** ના સ્વતંત્ર માલિકીની કબ્જા ભોગવટા વાળી જમીન વેચાણ કરવા માંગે છે જે નીચે મુજબ આવેલ છે.

ક્રમ	નામ	રે.સર્વે નં.	ક્ષેત્રફળ હે.આરે.ચો.મી	આકાર જુડી બી.ખે.વિ.	ખાતા નં.
૧	દિલીપભાઈ હંસરાજભાઈ ગેલાણી	૪૫૪ પૈકી ૨	૧–૫૭–૮૨	૮.૬૪	૨૪૮૦

સદરહું અમોના અસીલ **શ્રી હિતેશભાઈ રવજીભાઈ ચોવટીયા** ઉપરોકત દર્શાવેલ ખેતી જમીન ખરીદ કરવા માંગે છે જેથી ખેતીની જમીનની માલિકી બાબતે કબ્જા બાબતે કે તેના ટાઈટલ પરત્વે કોઈપણ જાતનો હક્ક–હિત, હિસ્સો કે લાગભાગ, દરદાવા, લેણું કે બોજો કે અન્ય કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો આ નોટિસ પ્રસિધ્ધિ થઈએથી ૧૫ દિવસમાં નીચે લખેલ સરનામે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી જો મુદ્દત વીતે કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નહી આવે તો સદરહું ખેતીની જમીન પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી અને હોય તો સ્વૈચ્છાએ જતો કરેલ છે. તેમ માનીને મારા અસીલ વેચાણ વ્યવહાર પૂર્ણ કરી મિલ્કતનો કબ્જો સંભાળી તેનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લેશ. ત્યારબાદ વાંધો કે તકરાર માન્ય રહેશે નહીં. જેની આ સર્વે લાગતા વળગતાએ નોંધ લેવી.

મુ. બાબરા
તારીખ : ૩૧/૧૦/૨૦૨૬

કિશન કુકડિયા
(રેવન્યુ એડ્વાઈઝર)
બી.બી.એ., બી.કોમ.

સરનામું: રાજકોટ ભાવનગર હાઈવે, બાબરા પોલીસ સ્ટેશન સામે, બાબરા–૩૬૫૪૨૧, તાલુકો : બાબરા, જીલ્લો– અમરેલી, મો.૮૧૨૮૦૦૪૪૮૧

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૩૦	૧૯૭૦
૨	કપાસ મીડીયમ	૧૭૩૦	૧૮૭૦
૩	મગફળી	૧૩૬૦	૧૫૭૧
૪	તલ સફેદ	૨૮૪૦	૩૨૩૦
૫	તલ કાળા	૩૩૩૦	૩૮૭૦
૬	જીરૂ	૪૭૪૦	૫૩૦૦
૭	ચણા	૧૩૫૦	૧૪૧૦
૮	ઘઉં	૫૨૧	૫૭૨
૯	અડદ	૧૭૪૦	૧૮૯૦
૧૦	મગ	૧૫૪૦	૧૯૫૦

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૫૦	૧૯૫૦
૨	ઘઉં લોકવન	૫૫૦	૬૦૭
૩	ઘઉં ટુકડા	૫૮૦	૬૦૧
૪	મગફળી	૯૦૦	૧૪૦૧
૫	ચણા	૧૦૦૦	૧૪૧૫
૬	લસણ	૫૦૦	૧૮૨૦
૭	મકાઈ	૫૮૫	૫૮૫
૮	સોયાબીન	૭૯૫	૧૩૫૭
૯	જુવાર	૧૧૪૦	૧૧૪૦
૧૦	અડદ	૫૦૦	૧૭૦૦
૧૧	તલ સફેદ	૨૫૧૧	૩૦૭૫
૧૨	શીંગદાણા	૧૨૦૦	૧૨૦૦
૧૩	ચણા સફેદ	૯૯૦	૯૯૦

અમરેલી : સરદાર પટેલની જન્મજયંતી નિમિત્તે કેવડિયાથી 'એકતા પરેડ'નું જીવંત પ્રસારણ નિહાળતા નાગરિકો

ભારતના લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી એટલે કે 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે સમગ્ર દેશ સાથે અમરેલી જિલ્લો પણ એકતાના રંગે રંગાયો હતો. અમરેલી સ્થિત દાદા ભગવાન ત્રિ-મંદિરના જાયજેન્ટિક હોલ ખાતે રાજયના કાયદો અને ન્યાય તેમજ ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાની ગરિમામય ઉપસ્થિતિમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણીનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. અમરેલી નગરપાલિકા તેમજ જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં દેશભક્તિનો અદભુત માહોલ જોવા મળ્યો હતો, સૌ નાગરિકો અને અધિકારીઓએ રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષાને અક્ષુણ્ણ રાખવા માટેના સામુહિક શપથ ગ્રહણ કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાત્મક ઉપસ્થિતિમાં નર્મદાના એકતાનગર (કેવડિયા) ખાતે સ્ટેચ્યુ આફ યુનિટીના સાંનિધ્યમાં રાષ્ટ્રીય કક્ષાની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. એકતાનગર ખાતે આયોજિત આ ઐતિહાસિક અને પ્રભાવશાળી 'એકતા પરેડ'નું દાદા ભગવાન ત્રિ-મંદિર ખાતે વિશાળ સ્ક્રીન માધ્યમથી જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌ મહાનુભાવો, અધિકારીઓ અને બહોળી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોએ આ શૌર્યસભર એકતા પરેડને ઉત્સાહભેર નિહાળી દેશની સૈન્ય શક્તિ અને વિવિધતામાં એકતાના અદભુત દર્શન કર્યા હતા. આ રાષ્ટ્રીય પરેડમાં દેશના વિવિધ સુરક્ષા દળો, કેન્દ્રીય પોલીસ દળો અને વિશિષ્ટ ટુકડીઓએ જોડાઈને પોતાના અદમ્ય સાહસ, સમર્પણ અને કડક શિસ્તનો ભવ્ય પરચો લહેરાવ્યો હતો. પરેડમાં CRPF, BSF, CISF, ITBP અને SSB જેવા અર્ધસૈનિક દળો ઉપરાંત આસામ રાઈફલ્સ, દેશની સર્વોચ્ચ સુરક્ષા પાંખ NSG તેમજ આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે હંમેશા અગ્રેસર રહેતા NDRFના જાબાંઝ જવાનોએ શૌર્યપૂર્ણ પ્રદર્શન કર્યું હતું. આ સાથે જ 'વિવિધતામાં એકતા'ના ભારતીય સંસ્કૃતિના મૂળ સૂરને સાર્થક કરતા આ રાષ્ટ્રીય પર્વમાં દેશના ખૂણે-ખૂણેથી આવેલી વિવિધ રાજયોની પોલીસ ટુકડીઓ પણ પોતાના પરંપરાગત શૌર્ય સાથે આ એકતા પરેડમાં ઉત્સાહભેર જોડાઈ હતી. રાષ્ટ્રીય એકતા દિવસની આ ગરિમામય ઉજવણી નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુઆફ યુનિટી'ના ચરણોમાંથી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા દેશજોગ એક પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. વડાપ્રધાને પોતાના વક્તવ્યમાં સરદાર વલ્લભભાઈ પટેલના અખંડ ભારતના સ્વપ્નને યાદ કરી દેશની આંતરિક સુરક્ષા, એકતા અને પ્રગતિના પથ પર સાથે મળીને આગળ વધવા આહવાન કર્યું હતું. અમરેલી ખાતે ઉપસ્થિત જનમેદનીએ વડાપ્રધાના આ રાષ્ટ્રવાદી સંબોધનને એકચિત્તે સાંભળીને દેશ પ્રત્યેની પોતાની ફરજો નિભાવવાનો દ્રઢ સંકલ્પ દોહરાવ્યો હતો. અમરેલી ખાતે આયોજિત આ ગરિમામય અને ભવ્ય કાર્યક્રમમાં અમરેલીના અગ્રણી અતુલભાઈ કાનાણી, શરદભાઈ લાખાણી સહિતના હોદ્દેદારો અને સ્થાનિક પદાધિકારીઓ, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી (ઈન્ચાર્જ) કે.જે. જાડેજા સહિતના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ અમરેલી પંથકના બહોળી સંખ્યામાં દેશપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા

લીલીયા મોટા ખાતે નિર્માણ થયેલ ગ્રંથાલયનું ધારાસભ્યએ કર્યુ લોકાર્પણ

લોક માનસ સુધી વાંચન પહોંચાડવાનો ધ્યેય

લીલીયા મોટા, તા. ૩૧

લીલીયા મોટા ખાતે શરૂ કરવામાં આવેલ સરકારી તાલુકા ગ્રંથાલય, લીલીયાનું આજે શનિવાર, તા. ૩૧ ઓકટોબર, ૨૦૨૬ના રોજ બપોરે ૩:૦૦ કલાકે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદ્ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું ધારાસભ્ય દ્વારા રીબીન કાપી ગ્રંથાલય ને ખુલ્લું મૂકવા માં આવ્યું હતું. આ સાથે જ લીલીયા અને આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓ, યુવાનો, શિક્ષકો તથા નાગરિકો માટે જ્ઞાન અને વાંચનની એક નવી સુવિધાનો પ્રારંભ થયો છે. લીલીયા ખાતે સરકારી તાલુકા ગ્રંથાલય શરૂ થવાથી સ્થાનિક નાગરિકોને વાંચન માટે અનુકૂળ વાતાવરણ અને વિવિધ વિષયોના અભ્યાસની તક ઉપલબ્ધ બનશે.ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ અને યુવાનો માટે આ ગ્રંથાલય ઉપયોગી સાબિત થશે. અહીં ઉપલબ્ધ પુસ્તકો, દૈનિક અખબારો તથા વિવિધ વિષયોની અભ્યાસ સામગ્રીના માધ્યમથી વાચકોને પોતાની જ્ઞાનક્ષિતિજો વિસ્તૃત કરવાની અને કારકિર્દીના લક્ષ્યો તરફ આગળ વધવાની તક મળશે.

ગ્રંથાલયના માધ્યમથી સમાજમાં વાંચન પ્રત્યે રૂચિ વધે, વિદ્યાર્થીઓમાં સ્વાધ્યાયની ટેવ વિકસે અને યુવા પેઢી જ્ઞાનસમૃદ્ધ બને તે દિશામાં આ પહેલ મહત્વપૂર્ણ બની રહેશે. આ લોકાર્પણ સમારોહમાં તાલુકા વિકાસ અધિકારી વી.એન.ગોહિલ, તાલુકા ભાજપ પ્રમુખ આનંદભાઈ ધાનાણી, જિલ્લા પંચાયત સદસ્ય જીજ્ઞેશભાઈ સાવજ, નેતા વિપક્ષ રણજીતભાઈ ખુમાણ ભાવનગર વિભાગના મદદનીશ ગ્રંથાલય નિયામક ડા. આર. ડી. પરમાર, તાલુકા પંચાયત સદસ્યો સહિત સંબંધિત અધિકારીઓ, કર્મચારીઓ અને અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ ગ્રંથાલયની ઉપયોગિતા અંગે પોતાના વિચારો વ્યક્ત કરતાં વિદ્યાર્થીઓ,યુવાનો અને નાગરિકોને નિયમિત વાંચન કરવાની પ્રેરણા આપી હતી. સાથે જ ગ્રંથાલયમાં ઉપલબ્ધ સુવિધાઓનો વધુમાં વધુ લાભ લેવા અને આ જ્ઞાનકેન્દ્રને પોતાની શૈક્ષણિક પ્રગતિનો અભિન્ન હિસ્સો બનાવવા અનુરોધ કર્યો હતો.લીલીયા ખાતે સરકારી તાલુકા ગ્રંથાલયની શરૂઆતથી સ્થાનિક કક્ષાએ અભ્યાસ, સ્વાધ્યાય અને વાંચન માટેની સુવિધાઓને નવો આયામ મળ્યો છે.આ ગ્રંથાલય આવનારા સમયમાં વિદ્યાર્થીઓ, સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓ અને સાહિત્ય પ્રેમીઓ માટે જ્ઞાનપ્રાપ્તિનું મહત્વપૂર્ણ કેન્દ્ર બને તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. આમ, સરકારી તાલુકા ગ્રંથાલય, લીલીયાનો શુભારંભ સમગ્ર વિસ્તારના શૈક્ષણિક વિકાસ, વાંચન સંસ્કૃતિના પ્રસાર અને જ્ઞાનસભર સમાજના નિર્માણ તરફનું એક નોંધપાત્ર પગલું બની રહ્યું છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે

ધારાસભ્ય જનક તળાવીયાની ઉપસ્થિતિમાં

લાઠીનાં કાંચરડી પી.એમ. કિસાન સન્માન દિવસની ઉજવણી કરાઈ

સરપંચો સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહયા

લાઠી, તા. ૩૧

લાઠી તાલુકાના કાંચરડી ગામ ખાતે ધારાસભ્ય જનક તળાવીયાની ઉપસ્થિતિમાં પી.એમ. કિસાન સન્માન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં કરવામાં આવી રહેલા વિવિધ પ્રયાસો તથા કૃષિ ક્ષેત્રના વિકાસને લઈને આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના લાઈવ સંબોધનનું નિહાળ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોના કલ્યાણ, કૃષિ ક્ષેત્રના વિકાસ, આધુનિક ખેતી, ખેડૂતોની આવકમાં વધારો તેમજ સરકારની વિવિધ ખેડૂતલક્ષી યોજનાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાંચરડી ગામે મોટી સંખ્યામાં ખેડૂતો, ગ્રામજનો અને ભાજપ સંગઠનના આગેવાનો- કાર્યકર્તાઓએ એકસાથે લાઈવ પ્રસારણ નિહાળીને પ્રધાનમંત્રીના સંદેશને સાંભળ્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, દેશના ખેડૂતોને આત્મનિર્ભર અને સશક્ત બનાવવા માટે કેન્દ્ર તથા રાજય સરકાર દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવીરહ્યા છે. ખેડૂતોને આર્થિક સહાયથી લઈને સિંચાઈ, ખેતીમાં આધુનિક ટેકનોલોજી, પાક ઉત્પાદન વધારવા તેમજ કૃષિ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટે સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ખેડૂત સમૃદ્ધ બનશે તો ગામડું સમૃદ્ધ બનશે અને ગામડું સમૃદ્ધ બનશે તો સમગ્ર દેશના વિકાસને નવી ગતિ મળશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને કેન્દ્રસ્થાને રાખીને અનેક લોક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે, જેના પરિણામે દેશના કરોડો ખેડૂતોને સીધો લાભ મળી રહ્યો છે. ધારાસભ્યએ ઉપસ્થિત ખેડૂતો સાથે સંવાદ કરી તેમની જરૂરિયાતો અને પ્રશ્નો પણ જાણ્યા હતા તથા સરકારની ખેડૂતલક્ષી યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે,લાઠી-બાબરા-દામનગર વિધાનસભા વિસ્તારમાં ખેડૂતો અને ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે જરૂરી પ્રશ્નોના નિરાકરણ માટે સતત રજૂઆતો અને પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. કાંચરડી ગામે યોજાયેલા આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ, તાલુકા પંચાયતના સભ્યઓ, આજુબાજુના ગામોના સરપંચઓ, ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. પી.એમ. કિસાન સન્માન દિવસની ઉજવણી દરમિયાન ઉપસ્થિત સૌએ પ્રધાનમંત્રીના લાઈવ સંબોધનને નિહાળીને દેશના ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે સરકાર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોને બિરદાવ્યા હતા. કાર્યક્રમના અંતે ખેડૂતોના કલ્યાણ, ગ્રામ્ય વિકાસ અને 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના સંકલ્પ સાથે કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

જાળિયા મુકામે ઉજવાયો ''પી.એમ. કિસાન ઉત્સવ દિવસ'' ખેડૂતોના ખાતામાં ૨૪મો હપ્તો જમા થતા ખુશીનો માહોલ

અમરેલી, તા. ૩૧

અમરેલી તાલુકાના જાળિયા મુકામે દેશના અન્નદાતાઓના આર્થિક સશક્તિકરણ અર્થે પી.એમ.કિસાન ઉત્સવ દિવસની ભવ્ય અને ઉત્સાહસભર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના અગ્રણી બ્રિજેશભાઈ કુરૂન્દલે ખાસ ઉપસ્થિત રહીને ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા. કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ જાળિયા પંથકના અનેક ખેડૂત પરિવારોના બેંક ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ઉઈઝ) ના માપ્રયમથી ૨૪મો હપ્તો સીધો જમા કરવામાં આવતા સ્થાનિકધરતીપુત્રોમાં ભારે આનંદ, ઉમંગ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે અમરેલી તાલુકા પંચાયતના સદસ્ય જગદિશભાઈ પોકળ, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય શંભુભાઈ મહિડા તેમજ સ્થાનિક અગ્રણી પ્રાગજીભાઈ હિરપરાએ ઉપસ્થિત રહીને પ્રાસંગિક પ્રવચન આપ્યા હતા અને ખેડૂત કલ્યાણલક્ષી યોજનાઓની વિગતો ખેડૂતોને આપવામાં આવી હતી.

આ શૈક્ષણિક અને માહિતીસભર મંચ પર ગ્રામસેવક વધાસીયા અને જિલ્લા મધ્યસ્થ બેંકના મેનેજર ઘનશ્યામભાઈ રામાણીએ પણ હાજરી આપીને ખેડૂતોને બેંકિંગ તેમજ કૃષિ વિષયક ઉપયોગી માર્ગદર્શન પૂરૂ પાડયું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સંદિપ સોલંકી દ્વારા તમામ મહેમાનોનું શબ્દોથી ભાવભીનું સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું, જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અશ્વિનભાઈ સાંગાણી દ્વારા કુશળતા પૂર્વક કરવામાં આવ્યું હતું.

જાળિયા મુકામે યોજાયેલા આ કિસાન ઉત્સવને સફળ બનાવવા માટે બ્રિજેશભાઈ ગોંડલીયા, સંદિપ સોલંકી અને સ્થાનિક તંત્રની ટીમે ભારે જહેમત ઉઠાવીને તમામ વ્યવસ્થાઓ અને કાર્યભાર સંભાળ્યો હતો. કેન્દ્ર અને રાજય સરકારની નીતિઓ છેવાડાના ખેડૂત સુધી પારદર્શક રીતે પહોંચે તેવા આશય સાથે યોજાયેલા આકાર્યક્રમમાં ગામના પ્રગતિશીલ ખેડૂતો, વાલીઓ અને મોટી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને વહીવટી તંત્રના આ સરાહનીય પ્રયાસને બિરદાવ્યો હતો.

સાવરકુંડલામાં દિવાળી ટાણે 'રાહત દરે ફટાકડા'ના સ્ટોલ: અને પરંપરાગત 'ઇંગોરિયા યુદ્ધ'નો રોમાંચ

સાવરકુંડલા, તા. ૩૧

દિવાળી પર્વ નજીક આવતા જ સાવરકુંડલા સહિત રાજયભરના અનેક શહેરોમાં સામાજિક અને સેવાકીય સંસ્થાઓ દ્વારા 'રાહત દરે ફટાકડા'ના નામે ખાસ સ્ટોલ શરૂ કરવામાં આવે છે. આ સ્ટોલ્સ પર ફટાકડાની વિવિધ વેરાઈટીઓ આકર્ષક ડિસ્કાઉન્ટ સાથે ઉપલબ્ધ કરાવવામાં આવે છે, જેના કારણે નાગરિકોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે. પરંતુ આ પ્રવૃત્તિ જોતા જ સામાન્ય જનતાના મનમાં એક સ્વાભાવિક પ્રશ્ન ઉદભવે છે કે કાપડ, કરિયાણું, દૂધ, સ્ટેશનરી, બૂટ-ચપ્પલ, કે દવાઓ જેવી પાયાની અને અત્યંત જરૂરી ચીજવસ્તુઓ માટે આવા રાહત દરના સ્ટોલ કેમ ઊભા કરવામાં આવતા નહી હોય?

દિવાળી જેવા તહેવારોમાં અનાજ, કપડાં કે દૂધ જેવી મૂળભૂત જરૂરિયાતો પર પણ ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો માટે રાહત આપવામાં આવે તો સામાજિક ઉત્થાનનો અસલી હેતુ સર થઈ શકે, જે અંગે ગંભીરતાથીવિચારવું જરૂરી બન્યું છે. પ્રાઈઝ કંટ્રોલ અને ભાવ નિર્ધારણ પોલિસીની વાત કરીએ તો, ફટાકડાના અમુક બોકસ પર છાપેલા મહત્તમ રિટેલ ભાવ (એમઆરપી) અને તેની વાસ્તવિક (એકચ્યુઅલ) કિંમત વચ્ચે જમીન-આસમાનનો તફાવત જોવા મળે છે. જયારે આ ફટાકડાના અસલી માર્જિન અને ભાવ નિર્ધારણની વાસ્તવિકતા સમજાય છે, ત્યારે આંખો આશ્ચર્યથી પહોળી થઈ જાય છે. બોકસ પર જે અધધ કિંમત અંકિત કરવામાં આવે છે, તે વાસ્તવિક ઉત્પાદન કિંમત કરતા અનેક ગણી વધારે હોય છે.

આ સંદર્ભે વેપાર ક્ષેત્રે અનેક સવાલો ઊભા થાય છે કે આ પ્રકારના ઊંચા માર્જિન પાછળ કઈ નીતિ કામ કરે છે? જો કે, કેટલાક શહેરોમાં દિવાળી નિમિત્તે મીઠાઈ અને ફરસાણનું વિતરણ પણ રાહત દરે કરવામાં આવતું હોય છે, જે આવકારદાયક પગલું છે.

રાહત દરનો સીધો અર્થ 'ઓછો નફો' અથવા 'નો પ્રોફિટ, નો લોસ' થાય છે, પરંતુ વેપાર જગતમાં કોઈપણ વસ્તુ પર વધુમાં વધુ કેટલો નફો લઈ શકાય તે સંદર્ભે શું કોઈ સ્પષ્ટ પોલિસી ખરી? ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા માટે બજારમાં કિંમતો પર અંકુશ રાખતી યોગ્ય વ્યવસ્થા અનિવાર્ય છે. ફટાકડાના વ્યવસાયમાં રહેલી આ અસંતુલિત કિંમત પદ્ધતિ અને અન્ય જરૂરી ચીજવસ્તુઓની મોંઘવારી વચ્ચે સામાન્ય નાગરિકો પિસાઈ રહ્યાછે, ત્યારે આ દિશામાં વહીવટી તંત્ર અને સેવાકીય સંસ્થાઓ દ્વારા પુનવિચારણા થાય તે સમયની માંગ છે. સાંભળવા તો એવું પણ મળે છે કે ફટાકડા વેચાણના આ વ્યવસાયમાં ઘણા વેપારીઓ માતબર નફો પણ કમાઈ લે છે, હવે વાત કરીએ સાવરકુંડલા શહેર અને ત્યાં દિવાળી પર્વ નિમિત્તે ખેલાતા ઈંગોરિયા યુદ્ધની, તો ઈંગોરિયા એક ફળના ખાલી ખોખામાં દારૂગોળો ભરીને ફટાકડાની માફક વાટ સળગાવી એકબીજા તરફ દૂર દૂર સુધી ફેંકવાની એક નિર્દોષ રમત છે, ભલે તેને 'ઈંગોરિયા યુદ્ધ' નામ આપવામાં આવ્યું હોય. હવે આ ઈંગોરિયા નામના ફળની ઉપલબ્ધતા ખૂબ ઓછી હોવાથી અહીંના લોકો દોરા ભરવાના કોકડાનો ઈંગોરિયા તરીકે ઉપયોગ કરે છે અને તેનાથી દિવાળી પર્વ ઉજવે છે. આ ઈંગોરિયા કે કોટડા યુદ્ધને ગ્રીન ફટાકડાનું નામાભિધાન આપીને લોકો દિવાળી પર્વ ઉજવે છે. આ રમત ખરેખર ખૂબ રોમાંચક હોય છે. ઘણી વખત કોઈ ઈજાગ્રસ્ત પણ થઈ શકે, પરંતુ મોટેભાગે એવું જવલ્લે જ બને છે.આપને જણાવી દઈએ કે આ ઈંગોરિયા કે કોટડા યુધ્ધની રમત સમગ્ર વિશ્વમાં માત્ર સાવરકુંડલા શહેરમાં જ જોવા મળે છે. રાત્રિના ગાઢ અંધકાર વચ્ચે એક બીજા જૂથ પર ફેંકાતાં આ ઈંગોરિયા કે કોટડા યુધ્ધનો રોમાંચ ખરેખર કોઈ યુધ્ધથી કમ તો નથી હોતો.

અહેવાલ : બિપીનભાઈ પાંધી
સાવરકુંડલા

ધારાસભ્ય જનક તળાવીયાનાં હસ્તે

બાબરાનાં કલોરાણા ગામે નવા પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

ગ્રામજનોને વધુ એક સુવિધાનો લાભ

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

અમરેલી, તા. ૩૧

બાબરા તાલુકાનાં કલોરાણા ગામે ગ્રામ વિકાસને નવી દિશા આપનાર પંચાયત ભવનનાં નવ નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત વિધિવત આયોજન સાથે સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયાનાં હસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત મંગલાચાર અને પૂજનવિધિ સાથે કરવામાં આવી હતી. પંચાયત ભવન ગામનાં શાસકીય તથા વિકાસલક્ષી કાર્યો માટે એક કેન્દ્ર સ્થાન તરીકે કાર્ય કરશે. નવા ભવનમાં ગ્રામજનોને વિવિધ શાસકીય યોજનાઓની માહિતી, અરજીઓની પ્રક્રિયા, બેઠકઓ તેમજ સામાજિક કાર્યક્રમો માટે સુવિધાસભર માહોલ ઉપલબ્ધ થશે.

આ અવસરે ધારાસભ્યએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, રાજય સરકાર ગામડાનાં સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. કલોરાણા ગામે પંચાયત ભવનનું નવું નિર્માણ ગામના વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. તેમણે વધુમાં ઉમેર્યું કે, ગ્રામ વિકાસ, માર્ગ વ્યવસ્થા, પાણી પુરવઠો, સ્વચ્છતા અને શિક્ષણ જેવી મૂળભૂત સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

સરપંચએ જણાવ્યું હતું કે, જૂનું પંચાયત ભવન જગ્યાની અછત અને અપૂરતી સુવિધાઓને કારણે ગ્રામજનો માટે અનુકૂળ ન હતું, જેથી નવું આધુનિક ભવન ગામ માટે આશીર્વાદરૂપ બનશે. તેમણે વિકાસ કાર્યો માટે રાજય સરકાર અને ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન વિકાસ કાર્યોને ઝડપથી પૂર્ણ કરવાની ખાતરી આપી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવોને સન્માનિત કરવામાં આવ્યા હતા અને સૌએ ગામના સર્વાંગી વિકાસ માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો.આ પ્રસંગે જીલ્લા પંચાયતનાં સદસ્ય, તાલુકા પંચાયતનાં પ્રમુખ તથા સભ્યો, તાલુકા ભાજપનાં પ્રમુખ, ગામનાં સરપંચ, ગામનાં આગેવાનો, કાર્યકરતાઓ તેમજ સ્થાનીક ગ્રામ જનો બહોળી સંખ્યામાં ઉપસ્થીત રહયા હતાં

કલોરાણા ગામે પંચાયત ભવનનાં નવ નિર્માણ કાર્યથી ગ્રામજનોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે અને આવનારા સમયમાં ગામ વધુ સુવિધાસભર અને વિકાસશીલ બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

બાબરા નજીક આવેલ

ઉંટવડ ગામે સરદાર પટેલની ૧૫૧મી જન્મજયંતીની ઉજવણી કરાઈ

સરદાર પટેલ ગાર્ડન ખાતે પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૩૧

બાબરા તાલુકાનાં ઉટવડ ગામે દેશની અખંડિતતા અને એકતા માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનાર લોખંડી પુરૂષ, ભારતરત્ન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગામનાં સરદાર પટેલ ગાર્ડન ખાતે સરદાર સાહેબની પ્રતિમાને ઉપસ્થિત મહાનુભાવોએ પુષ્પાંજલિ અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી હતી. ત્યારબાદ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો સંદેશ આપતી એકતા યાત્રા યોજવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતનાં પ્રમુખ તુષારભાઈ રામાણી, જિલ્લા પંચાયતનાં સદસ્ય હિતેશભાઈ કલકાણી, તાલુકા પંચાયતનાં સદસ્ય ભરતભાઈ બુટાણી, ગામનાં સરપંચ સહિત ગામનાં અગ્રણીઓ અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કેવડિયા સ્થિત એકતાનગર ખાતેથી યોજાયેલા રાષ્ટ્રીય કક્ષાનાં કાર્યક્રમનું લાઈવ પ્રસારણ પણ ઉપસ્થિત સૌએ નિહાળ્યું હતું. સરદાર સાહેબનાં રાષ્ટ્રપ્રેમ, દ્રઢ નિશ્ચય અને રાષ્ટ્રીય એકતાનાં વિચારોને યાદ કરી સૌએ તેમના આદર્શોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

હવે આપના અમરેલી જિલ્લાની નેત્ર ચિકિત્સા હોસ્પિટલમાં
મોઢા અને ગળાના કેન્સરના ઓપરેશન દ્વારા સારવાર
• જીભ તેમજ અન્ય મોઢાના અને ગળાના કેન્સરનું નિદાન અને સારવાર ની સુવિધા ઉપલબ્ધ.
• કાન -નાક -ગળા ને લગતી કોઈપણ તકલીફ માટે સારવાર રાહતદરે કરી આપવામાં આવશે.
આયુષ્માન ભારત યોજના
મેડિકલેઈમ સુવિધા
GSRTC (ST) માન્ય હોસ્પિટલ
ડો. હર્ષ બારોટ
M.S., (ENT)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
વધુ માહિતી માટે 99789 66629

માર્કેટયાર્ડમાં અપુરતી સુવિધાનાં લીધે ખેતીપાકોને સાચવવા મુશ્કેલ

બાબરા : માર્કેટયાર્ડમાં ખુલ્લામાં પડેલ કપાસ અને મગફળીને નુકસાન

મોડી રાત્રિએ અચાનક વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ વરસેલા કમોસમી વરસાદે ચિંતા વધારી

ખેડૂતોએ લોહી–પાણી એક કરીને તૈયાર કરેલ ખેતીપાક પલળી જતાં મુશ્કેલી વધી

સતત સંઘર્ષનો સામનો કરતાં ખેડૂતોને દિવાળીનાં તહેવાર ઉપર મુશ્કેલી આવી

નુકસાનનો ભોગ બનેલ ખેડૂતોને આર્થિક મદદ કરવી જરૂરી બની

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૧

બાબરા માર્કેટયાર્ડમાં પોતાની જણસી વેચવા માટે મોટી સંખ્યામાં ખેડૂતો કપાસ અને મગફળી સહિતનો માલ લઈને પહોંચ્યા હતા. જોકે, વરસાદને કારણે માર્કેટયાર્ડના ખુલ્લા મેદાનમાં પડેલો કપાસ અને મગફળી પલળી જતાં ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. માર્કેટયાર્ડમાં પૂરતી શેડની વ્યવસ્થા ન હોવાને કારણે ખેડૂતોની જણસી ખુલ્લામાં પડી રહી હતી, જે વરસાદી પાણીમાં ભીંજાઈ ગઈ હતી. એટલું જ નહીં, માલ ભરીને આવેલા અનેક વાહનો પણ વરસાદી પાણીમાં પલળ્યાં હતાં.

એક તરફ ખેડૂતો આખું વર્ષ તનતોડ મહેનત કરીને પાક તૈયાર કરે છે અને બીજી તરફ પાક વેચવા માટે માર્કેટયાર્ડમાં આવ્યા બાદ કુદરતના અચાનક મિજાજનો ભોગ બનવું પડે છે. દિવાળી જેવા તહેવાર પૂર્વે પાક વેચીને આર્થિક વ્યવહાર પૂર્ણ કરવાની આશા રાખીને આવેલા ખેડૂતો માટે આ કમોસમી વરસાદ ચિંતાનું કારણ બન્યો છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ માર્કેટયાર્ડમાં ખુલ્લામાં પડેલી જણસીની સુરક્ષા માટે પૂરતી શેડ વ્યવસ્થા હોવી અત્યંત જરૂરી છે. યાર્ડમાં પૂર્વ ચેરમેન

અનુસંધાન પાના ૬ ઉપર

જગતાત ગણાતા ખેડૂતોની દિવાળીનાં તહેવારમાં મુસીબત વધી

અમરેલી, ખાંભા, કુંકાવાવ, વડિયા, બગસરા સહિતનાં વિસ્તારમાં કમોસમી વરસાદથી નુકસાન

મગફળીનાં પાથરા અને પશુઓ માટેનો ઘાસચારો પલળી ગયો




અમરેલી, તા. ૩૧

અમરેલી જિલ્લામાં ભર ઉનાળે પડેલા કમોસમી વરસાદથી ખેડૂતોનાં હાથમાં આવેલો કોળીયો ઝૂટવાઈ ગયો હોવાની પ્રતિતિ સામે આવી રહી છે ગઈકાલે ખાંભા ગીર, બગસરા, અમરેલી , કુંકાવાવ, બાબરા અને વડિયા પંથકમાં ગાજવીજ અને ભારે પવનથી ખેતરોમાં તૈયાર

અનુસંધાન પાના ૬ ઉપર

કામગીરી શરૂ હોય તે સમયે બનાવ બન્યો

રાજુલા : જાફરાબાદ માર્ગ ઉપર મહાકાય હિટાચી મશીન પલ્ટી જતાં વીજ પુરવઠો ખોરવાયો

પીજીવીસીએલ દ્વારા વીજ પુરવઠો પૂર્વવત કરવા કવાયત

અમરેલી, તા. ૩૧

રાજુલાનાં જાફરાબાદ માર્ગ ઉપર હિટાચી મશીન વડે કામગીરી શરૂ હોય તે સમયે અકસ્માતે હિટાચી મશીન પલ્ટી જતાં વીજપોલને નુકસાન થતાં અમુકવિસ્તારમાંવીજ પુરવઠોખોરવાયો હતો.

જોકે પીજીવીસીએલની ટીમે ઘટના સ્થળે દોડી નહી વીજ પુરવઠો પૂર્વવત કરવા કવાયત હાથ ધરી હતી.

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3 (ice cream/milk/namkeen)
• Cashier - 2
• Sales Co - Ordinator - 7
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 2
• Telecaller - 1
• Reporting Manager - 2
• HR - Recruiter - 1
Only Male Candidates With Experience May Apply.
Location :
Amreli, Gujarat.
hrscpl1987com
+91 95109 59957
APPLY NOW

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શ્યામ ડાઈનીંગ હોલ (એ.સી.હોલ)
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી સ્વામીનારાયણની રોટલી તો ખરીજ
The King of catering service
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
સ્થળ એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ૩૬૫૬૦૧, ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

નામ નોંધાવવા માટે (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી
કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S)
ડો. રૂચિતા જેઠવા (M.D)
ડો. દ્રષ્ટિ પંડયા (બીપીટી ફીજીયોથેરાપીસ્ટ)
અનંતા હોસ્પિટલ, નિકોલ–અમદાવાદ–કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૧૯૭૩ ૯૧૫૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. – ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)